સુવિચાર
ભવિષ્યમાં આપણે જે રીતનું જીવન જીવવા માંગીએ છીએ એની તૈયારી આજથી જ કરવી એ જ દૂરદર્શિતા છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૧/૦૭/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ અષાઢ સુદ-૫ વર્ષ : ૧૫ અંક : ૧૭૯

ફ્રી ઓપરેશન
દુખાવાના દર્દીઓ માટે વિશેષ સારવાર સુવિધા
■ ગરદન - કમર - ઘુંટણ- મણકાનો દુઃખાવો
■ ખભાનો દુઃખાવો કે ખભેથી હાથ ઉંચો ન થવો
■ હાથ-પગમાં ખાલી ચડવી કે દુઃખાવો થવો
■ હાડકાનાં ઓપરેશન પછીનો દુઃખાવો
અકસ્માત ઈજા ફેકચર ?
નિદાન ફી રૂા. ૫૦/-
• રાહતદરે એક્સ-રે
• રાહત દરે લેબોરેટરી
ડો. આનંદ કારીયા
M.S.(Ortho)
ઓર્થોપેડીક સર્જન
સમય સોમ થી શનિ
સવારે: ૧૦:૦૦ થી ૧:૦૦
સાંજે : ૫:૦૦ થી ૮:૦૦ સુધી
૨૪ X ૭ કલાક ઈમરજન્સી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦
ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦

## વિવિધ પડતર માંગોને લઈને મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

# લીલીયામોટા : આશાવર્કર અને આંગણવાડી વર્કરમાં નારાજગી

**આશાવર્કરે કામનાં કલાકો અને વેતન નક્કી કરવા સહિતની માંગ રજૂ કરી**

**આંગણવાડી વર્કરોએ વેતનમાં અને અન્ય સુવિધામાં વધારો કરવા માંગ કરી**

**મહિલા સશકિતકરણનાં માહોલમાં મહિલા કર્મીઓ ન્યાય માટે સતત રજૂઆત કરે છે**

**રાજય અને કેન્દ્ર સરકારે મહિલાઓની વ્યાજબી માંગ પૂર્ણ કરવી જરૂરી છે**



અમરેલી, તા. ૧૦
દેશની અર્ધો અર્ધ આબાદી મહિલાઓની હોવાથી જયાં સુધી મહિલાઓનું સશકિતકરણ નહી થાય ત્યાં સુધી ભારત વિકસિત નહી બને તે નકકી હોય. પાર્લામેન્ટમાં પણ ૩૩ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાની

અનુસંધાન પાના ૬ ઉપર

## વિભાગીય નિયામકે આળશ ખંખેરીને તપાસ કરવી જરૂરી

# બગસરાનાં એસ.ટી. ડેપોમાં અનિયમિત બસ રૂટ બાદ હવે બેફામ ગંદકીની સમસ્યા ઉભી થઈ

**એરપોર્ટ જેવા બસપોર્ટની ગુલબાંગો અને વાસ્તવિકતા ભયાનક**



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૧૦
બગસરા એસ.ટી. ડેપોની હાલત ખુબ કફોડી બની ગઈ છે. સફાઈના નામે મીંડું ઠેર ઠેર ગંદકીના ગંજના કારણે મુસાફરોને ડેપોમાં બેસવુ પણ મુશ્કેલ બની ગયું છે. એટલું જ નહિ પરંતુ અહીંના યુરીનલમાં ઘુશવું તો ઠીક પરંતુ ત્યાંથી

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
64,190/-
(૧૦ ગ્રામ)
રહેલ તા.૧૦/૦૭/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/- થી ૧૮,૦૦૦/-
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/- થી ૩૦,૦૦૦/-
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨,સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જૂના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

# જાહેર નોટિસ

આથી અમો ધવલકુમાર કે. બારોટ એડવોકેટ તે અમારા અસીલ અશ્વિનભાઇ બાબુભાઇ પેથાણી રહેવાસી : ૧૨૧, મયૂરપાર્ક, કૃષ્ણ વિદ્યાલય પાછળ, બાપુનગર, અમદાવાદ-૩૮૦૦૨૪ નાઓની સૂચનાથી જાહેર જનતાને આ જાહેર નોટિસ આપી જાણ કરીએ છીએ કે અમારા અસીલે ગઇ તારીખ : ૨૫/૦૬/૨૦૨૪ ના રોજ શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી. સંસ્થામાંથી ડિરેકટરશ્રીના પદ પરથી રાજીનામું આપી દીધેલ છે અને અમારા અસીલનું રાજીનામું સંસ્થા દ્વારા તારીખ : ૨૭/૦૬/૨૦૨૪ના રોજ સ્વીકારાઇ ગયેલ છે, આથી જાહેર જનતાએ અમારા અસીલ ઉપરોકત સંસ્થા સાથે જોડાયેલા છે તેમ સમજી કોઇ વ્યવહાર કરવો નહીં, અમો એ આ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરાવેલ હોવા છતાં, કોઇ વ્યકિત અમારા અસીલ સદર સંસ્થા સાથે જોડાયેલા છે, તેમ સમજી સંસ્થા સાથે વ્યવહાર કરશે, તો અમારા અસીલની કોઇ અંગત જવાબદારી થશે નહિ તે નોંધ લેવી.

તા.૦૨/૦૭/૨૦૨૪
અમદાવાદ

ધવલકુમાર કે. બારોટ (એડવોકેટ)
૬૦૬,સત્યાવન કોમ્પ્લેક્ષ,
માનવ મંદિરની સામે, મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨, મો.૯૭૨૨૯ ૩૦૩૮૩

## રાષ્ટ્રીય ધોરી માર્ગ ઉપરનાં દબાણો સામે તંત્રની કાર્યવાહી

# ચલાલામાં ૧૧૦ કેબિનો, ૧૬૦૫ પતરા અને ૪૦ ઓટા દૂર થયા

**વૈકલ્પિક વ્યવસ્થા વગર ધડાધડ દબાણો દૂર થતાં ગરીબ પરિવારોમાં નારાજગી ઉભી થઈ**

**જો કે મોટાભાગનાં દબાણકર્તાઓએ સ્વેચ્છાએ જ દબાણ દૂર કર્યા હતા**

**દબાણ હટાવ દરમિયાન શહેરીજનોનાં ટોળેટોળા એકત્ર થયા હતા**

**પાલિકા, પીજીવીસીએલ, પોલીસ સહિતનાં જુદા-જુદા વિભાગોએ સંયુક્તપણે દબાણ હટાવ્યું**



ચલાલા,તા. ૧૦

ચલાલામાં રાષ્ટ્રીય ધોરી માર્ગ પેટા વિભાગ કોડીનાર, ચલાલા નગરપાલિકા અને ધારી તાલુકા તંત્ર દ્વારા આજે ડીમોલેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અગાઉ દબાણકર્તાઓને નોટીસો આપવામાં આવી હતી અને નગરપાલિકા દ્વારા શહેરમાં બે વખત અધીક ફેરવી દબાણકર્તાઓને પોતે કરેલા દબાણ દૂર કરવા જણાવવામાં આવ્યુ હતુ. તેથી ૮૦ ટકા દબાણકર્તાઓએ પોતાની મેળે જ પોતાના દબાણો દૂર કરી નાખ્યા હતા.

આજે સાંજના ૪ કલાકના સુમારે ધારી તાલુકા મામલતદાર વ્યાસ નગરપાલિકાનાં ચિફ ઓફિસર ભાવનાબેન ગૌવસ્વામીએ ચુસ્ત અને કડક પોલીસ બંદોબસ્ત સાથે રાખી ચલાલા બસ સ્ટેન્ડ ચોકથી સાવરકુંડલા રોડ, અમરેલી રોડ, ધારી રોડ, શાકમાર્કેટ, મહાદેવ તીનબતી ચોક સહિના વિસ્તારોમાં ડિમોલેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ ડિમોલેશનની કામગીરીમાં અંદાજે ૧૧૦ કેબીનો, ૧૬૦ પતરાનાં છાપા અને ૪૦ ઓટા સહિતનાં દબાણો દૂર કરાયા હતા. આ કામગીરીમાં ચલાલા પીજીવીસીએલનાં નાયબ ઈજનેર તેમના સ્ટાફ સાથે કામગીરીમાં જોડાયા હતા તેમજ ચલાલા નગરપાલિકાનાં ચિફ ઓફિસર ભાવનાબેન ગૌવસ્વામી તેમના તમામ સ્ટાફ સાથે ઉપસ્થિત રહી ફરજ બજાવી હતી. ચલાલા પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ રામાણીએ પણ પોતાના સ્ટાફ સાથે ચુસ્ત કડક પોલીસ બંદોબસ્ત જાળવી કોઈ જ અનિચ્છનીય બનાવ ન બને અને ટ્રાફિક ન થાય તેની પુરી કાળજી લીધી હતી. હેડ કોસ્ટેબલ ભગીરથભાઈ ધાધલે અને પોલીસ સ્ટાફે કાયદો વ્યવસ્થાની પરિસ્થિતી જળવાય રહે તે માટે ભારે જહેમત ઉઠાવી હતી.

આ કામગીરીમાં ધારી રેવન્યુ સ્ટાફે પણ પોતાની ફરજ બજાવી હતી.

ડીમોલેશનની કાર્યવાહી દરમ્યાન અમુક જગ્યાઓએ અફડા તફડીનો માહોલ સર્જાયો હતો પરંતુ કડક પોલીસ બંદોબસ્તના કારણે મામલો શાંત પડી ગયો હતો.

કેબીનો દૂર થાય કેબીન પરિવારોની રોજગારી છીનવાઈ જતા કેબીન ધારકો નોધારા બની ગયા હતા. ચા,પાન, ફરસાણ, પાણીપુરી, નાસ્તા, વાણંદ જેવા નાના ધંધાર્થીના કેબીનો વધારે પડતા હતા તે દૂર થવાથી કેબીન ધારકોમાં ગમગીની લાગણી ફેલાઈ હતી. બપોરના સમયથી જ શહેરનાં વીજ પુરવઠો બંધ કરી દેવાયો હતો. હજુ રાત્રીના ૮:૩૦ કલાકે શહેરમાં ડિમોલેશનની કામગીરી ચાલુ છે.

## ભાજપ અગ્રણીએ વિવિધ સમસ્યા ઉજાગર કરી

# લીલીયામોટા : બેફામ ગંદકી, બસ સ્ટેન્ડ સહિતની અનેક સમસ્યાઓ વિકરાળ બની

**ગામ પંચાયત સહિતનાં શાસકો યોગ્ય કરે તેવી માંગ**

લીલીયા મોટા, તા.૧૦

લીલીયામોટા તાલુકા મથકનું ગામ છે. પરંતુ સુવિધાના નામે મીડું છે. વિકાસની વાતતો બાજુ પર રહી પરંતુ સ્વચ્છતાને બદલે જયાં જુઓ ત્યાં ગંદકીને ગંદકી.

સફાઈ કામદારો દ્વારા સફાઈ થાય છે પરંતુ મુજબ બજારો અને અમુક વિસ્તાર પુરતી જ વેરા બધા ભરે છે પરંતુ બધા વિસ્તારોમાં સફાઈ થતી નથી. જયાં સફાઈ થાય છે. આથી કચરાના ઢગલાઓ ભરાતા નથી. જયાં જુઓ ત્યાં પ્લાસ્ટીકની કોથળીઓના ઢગલાઓ નજરે ચડે છે.

લાઠી રોડ પર વડવાળા હનુમાનજી મંદિર પાસે સફાઈ થાય છે. પરંતુ ઢગલાઓ ભરાતા નથી. પ્લાસ્ટીકની કોથળીઓ અને બોટલો પડેલી ઘણા સમયથી જોવા મળે છે. સફાઈ કર્યા પછી ઢગલાઓ ભરાઈ જવા જોઈએ. તો જ સ્વચ્છતા જળ વાય રહે.

નાવલી નદીમાં વરસાદનું પાણી અને ગટરનું પાણી સતત વહ્યા કરે છે. જેનાથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. ગંદા પાણીમાં ચાલવા માટે લોકો મજબુર બન્યા છે ઉપરાંત નાવલી નદીમાં એસ.ટી. બસો અને રેતીના ડમારો બેફામ દોડે છે જેને બાયપાસ ચલાવવા જોઈએ. જેથી અકસ્માત નિવારી શકાય અને ટ્રાફિકની સમસ્યા પણ હળવી થઈ શકે. રસ્તાઓ પણ વધારે તૂટે નહી.

બસ સ્ટેન્ડ કોઈ સુવિધા નથી. પીવા માટે પાણી નથી. લાઈટ નથી પંખા નથી. સમય પણ નથી. સંડાસ નથી. લોકોને બધી જ સુવિધાઓ કયારે મળશે ? તેવું ખેડૂત આગેવાનો અને ભાજપ અગ્રણી ભાસ્કરભાઈ પટેલની યાદીમાં જણાવવામાં આવે છે.

# અમરેલી : ચેક પરત કેસનાં કામે સીધા સમન્સ ફટકારતી કોર્ટ

અમરેલી, તા. ૧૦

તાજેતરમાં અમરેલી મુકામે આવેલ શ્રી અમરવેલી નાગરિક શ.સ.મં.લી. ના બાકીદાર સભાસદે મંડળ ીમાંથી ધિરાણ લઈ અને આ ધિરાણની રકમ ભરવા માટે મંડળીને આપેલ ચેક બાઉન્સ(પરત) થતા મંડળી તરફથી અમરેલી અદાલતમાં ફોજદારી કેસ નં. –૭૫૧/૨૦૨૪ મહેન્દ્રભાઈ વિઠલભાઈ કાલાવડીયા, ફો. કે.નં.– ૭૫૨/૨૦૨૪ પ્રશાંત અશોકરાવ ગોરડ, ફો.કે.નં. –૭૫૩/૨૦૨૪ મહેશ મનસુખભાઈ મકવાણા રહે. ત્રણેય – અમરેલીના ઈસમો સામે નેગોસીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે મંડળી તરફથી ફરિયાદ થતા હકીકત ધ્યાને લઈ નામ. કોર્ટે સરદ ઈસમો સામે સીધા સમન્સ કાઢેલ છે. જેથી, મંડળીના બાકીદાર સભાસદોમાં ફફડાટ ફેલાય જવા પામેલ છે. તેમ મંડળી તરફથી જાણવા જોગ યાદી મળેલ છે. મંડળીના લીંગલ એડવાઈઝર તરીકે સીનીયર ધારાશાસ્ત્રી શ્રી એ.સી. વરિયા રોકાયેલ છે.

## ક્રુરતાપૂર્વક ટ્રકમાં લઈ જવાતી હોય

# અમરેલી : વરૂડી ગામનાં માર્ગ ઉપરથી પોલીસે ભેંસ જીવ-૯ને બચાવી લીધી

**આરોપી આબીદભાઈ ખોરાણીની અટકાયત**


અમરેલી, તા. ૧૦

અમરેલીના બહારપરા વિસ્તારમાંઆવેલજયહિન્દટોકિઝપાસે આવેલમોટોખાટકીવાડવિસ્તારમાંરહેતા આબીદભાઈ ઉર્ફે મુંગો આદમભાઈ ખોરાણી ડ્રાઈવરે પોતાના હવાલાવાળા ટ્રકનં.જી.જે.–૦૬ એકસએકસ૫૯૧૭ માંકતલકરવાનાઈરાદેભેંસજીવનંગ–૯ કિંમત રૂપિયા ૨,૨૫,૦૦૦ ની ટ્રકમાં અત્યંત ટુકી દોરીથી ખીચોખીચ હલન ચલનનકરીશકેતેરીતેઅત્યંતક્રુરતાપુર્વક બાંધીને (ગોંધી) રાખી કતલ કરવાના ઈરાદે લઈ જતો હોય. આ અંગે સીટી પોલીસે તા. ૯ ના રાત્રીના ૧૧ વાગ્યે અમરેલીના કુંકાવાવ જકાતનાકા રોડ,વરૂડી ગામના રસ્તે, ઈંટોના ભઠ્ઠા પાસેથીટ્રકસહિતઝડપીપાડેલહતો.

માત્ર ૨૦ જ મીનીટમાં...
ફકત ૯.૯૦%ના વાર્ષિક વ્યાજ દરે અને સરળ પ્રક્રિયા દ્વારા ગોલ્ડ લોન
A.P.C.C.S
ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લી. - અમરેલી
'પીપલ્સ ભવન', ફ્રુટ માર્કેટ, પ્રથમ માળ, ઈન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી.
કોન્ટેકટ નંબર-૦૨૭૯૨-૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૨૬૪

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















### ઈડીની ચાર્જશીટમાં દાવો કરવામાં આવ્યો

# શરાબ કૌભાંડમાં કેજરીવાલ જ મુખ્ય કાવતરાબાજ હોવાનો દાવો

## ચાર્જશીટમાં કુલ ૩૮ આરોપીઓના નામ છે, દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલનો ૩૭મો નંબર છે

નવી દિલ્હી, તા.૧૦

ઈડીએ દિલ્હીના શરાબ કૌભાંડમાં આરોપનામું દાખલ કર્યું છે. આ ચાર્જશીટમાં કુલ ૩૮ આરોપીઓના નામ છે જેમાં કેજરીવાલનો ૩૭મો નંબર છે. કેજરીવાલ વિશે આ આરોપનામામાં ઘણા ખુલાસા કરવામાં આવ્યા છે. કુલ ૩૮ આરોપીઓમાં કેજરીવાલનો નંબર ૩૭મો છે.

આ ચાર્જશીટ મુજબ કેજરીવાલ જ મુખ્ય કિંગપિન અને કાવતરું ઘડનાર છે. આરોપનામામાં કહેવામાં આવ્યું છે કે, ગોવાની ચૂંટણીમાં ભ્રષ્ટાચારના નાણાનો ઉપયોગ થઈ રહ્યો છે તેની કેજરીવાલને જાણકારી હતી અને તે પોતે તેમાં સામેલ હતા. આ ચાર્જશિટમાં કેજરીવાલ અને અન્ય આરોપી વિનોદ ચૌહાણ વચ્ચે થયેલી વૉટ્સએપ ચેટની વિગતો પણ આપવામાં આવી છે.

આ કૌભાંડમાં એવો આરોપ છે કે તેલંગણાના બીઆરએસ પક્ષના નેતા કે. કવિતાના અંગત સચિવ વિનોદ મારફત ૨૫.૫ કરોડ રૂપિયા ગોવાની ચૂંટણી માટે આમ આદમી પાર્ટી (AAP) સુધી પહોંચાડવામાં આવ્યા હતા. આરોપનામામાં જે વૉટ્સએપ ચેટનો હવાલો આપવામાં આવ્યો છે તેના ઉપરથી સ્પષ્ટ થાય છે કે વિનોદ અને કેજરીવાલ વચ્ચે ઘણા સારા સંબંધ હતા.

ચાર્જશિટમાં ઈડીએ પ્રોસીડ ઑફ ક્રાઈમનો પણ ઉલ્લેખ કર્યો છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે, આરોપી વિનોદ ચૌહાણના મોબાઈલમાંથી હવાલા નોટ નંબરના ઘણા સ્ક્રિનશોટ મળ્યા છે. આ સ્ક્રિનશોટ અગાઉ આવકવેરા ખાતાએ પણ જપ્ત કર્યા હતા. આ સ્ક્રિનશોટ પરથી સ્પષ્ટ થાય છે કે કેવી રીતે વિનોદ ચૌહાણે પ્રોસીડ ઑફ ક્રાઈમ અર્થાત ગેરકાયદે રીતે મેળવેલી રકમ દિલ્હીથી ગોવા હવાલા દ્વારા પહોંચાડી હતી. આમ આદમી પાર્ટી દ્વારા એ નાણાનો ઉપયોગ ગોવાની ચૂંટણીમાં કરવામાં આવ્યો હતો.

ઈડીની ચાર્જશીટમાં કહેવામાં આવ્યું છે કે, હવાલા દ્વારા ગોવા પહોંચેલા નાણાની ગોઠવણ ત્યાં ચનપ્રીત સિંહ કરતો હતો. હવાલા દ્વારા નાણા ગોવા મોકલવામાં આવ્યા તે અંગે વિનોદ ચૌહાણ તથા અભિષેક પિલ્લઈ વચ્ચે થઈ હતી તેના પણ પુરાવા ઈડી પાસે છે તેમ આરોપનામામાં કહેવામાં આવ્યું છે. અશોક કૌશિકના કહેવાથી અભિષેક બોઈંગ પિલ્લઈએ ચલણી નોટો ભરેલી બે બેગો અલગ અલગ દિવસે વિનોદ ચૌહાણને પહોંડી તેની વિગતો ઈડીએ આરોપનામામાં આપી છે.

ઈડીનું કહેવું છે કે, નાણાનો આ રીતે વ્યવહાર થયો તે સ્પષ્ટ રીતે સાબિત કરે છે કે કેવી ગેરકાયદે રીતે નાણા મેળવવામાં આવ્યા અને તેને સાઉથના જૂથ મારફત લાંચ સ્વરૂપે આમ આદમી પાર્ટીને પહોંચાડવામાં આવ્યા.

### ધાર્મિક ધોરણે શપથ ગ્રહણ સમારોહ શરૂ થયો...

# ભાજપે મંત્રી હફિઝુલ હસન વિરુદ્ધ રાજ્યપાલનો સંપર્ક કર્યો

## ઝારખંડ ભાજપના ચૂંટણી સહ પ્રભારી હિમંતા બિસ્વા સરમાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને નારાજગી વ્યક્ત કરી

ઝારખંડ, તા.૧૦

ઝારખંડ ભાજપના ચૂંટણી સહ પ્રભારી હિમંતા બિસ્વા સરમાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને નારાજગી વ્યક્ત કરી અને પૂછ્યું કે શું શપથ લેવાની આ યોગ્ય રીત છે. ઝારખંડની હેમંત સોરેન સરકારના મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન મંત્રી હફિઝુલ હસને શપથ ગ્રહણ સમારોહ દરમિયાન ધાર્મિક રેખાથી શરૂઆત કરી હતી. ભારતીય જનતા પાર્ટીએ આની સામે સખત વાંધો વ્યકત કર્યો છે. બીજેપીના ચીફ વ્હીપ વિરાનચી નારાયણ અને વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા અમર બૌરીએ રાજભવન જઈને રાજ્યપાલને આના વિરોધમાં એક મેમોરેન્ડમ આપ્યું છે. તેણે હફીઝુલને ફરીથી શપથ લેવાની માંગ કરી છે. ત્યાં સુધી હફીઝુલને મંત્રી પદ પરથી હટાવવાની પણ માંગ કરવામાં આવી છે.ઝારખંડ ભાજપના ચૂંટણી સહ-પ્રભારી હિમંતા બિસ્વા સરમાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને નારાજગી વ્યક્ત કરી અને પૂછ્યું કે શું શપથ લેવાની આ યોગ્ય રીત છે.ભાજપના ચીફ વ્હીપ વિરાની નારાયણે આજ તકને ફોન પર કહ્યું કે આ નવી પ્રથા બંધારણની વિરુદ્ધ છે. ત્યાં ચોક્કસપણે સ્વતંત્રતા છે કે શપથ કોઈપણ ભારતીય ભાષામાં લઈ શકાય છે પરંતુ તે ફક્ત મૂળ શપથનું ભાષાંતર હોઈ શકે છે. રાજ્યપાલ દ્વારા જે લેખિતમાં આપવામાં આવે છે તે જ વાંચવાનું રહેશે. ન તો એક પંક્તિ ઉમેરી શકાય છે કે ન તો જાતે કાઢી શકાય છે.

ઝારખંડ વિધાનસભામાં વિપક્ષના નેતા અમર કુમાર બૌરી અને ચીફ વ્હીપ બિરાંચી નારાયણ સોમવારે ઝારખંડના રાજ્યપાલને મળ્યા અને એક મેમોરેન્ડમ સુપરત કર્યું. આ મેમોરેન્ડમમાં તેમણે કહ્યું કે હેમંત સોરેને તેમની મંત્રી પરિષદનો વિસ્તાર કર્યો. માધુપુરના ધારાસભ્ય હફિઝુદીન અંસારીએ જે રીતે તમારા હોદ્દા અને ગોપનીયતાના શપથ દરમિયાન શપથ બોલાવ્યા પછી ધાર્મિક લાઈનની શરૂઆત કરી તે ગેરબંધારણીય છે. તેમને ફરીથી શપથ લેવા માટે કહો અને ત્યાં સુધી તેમને મંત્રી પદથી મુક્ત ગણવામાં આવે.

### મુંબઈ હિટ એન્ડ રન કેસ મામલો

# મિહિર શાહના પિતા-શિવસેનાના નેતા રાજેશ શાહ સામે કાર્યવાહી

## મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેની શિવસેનાએ બુધવારે રાજેશ શાહને ડેપ્યુટી લીડરના પદેથી હટાવ્યા

કર્ણાટક, તા.૧૦

કર્ણાટક ભાજપના ધારાસભ્ય ભરત શેટ્ટીએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર વિવાદાસ્પદ ટિપ્પણી કરી છે. તેમણે કહ્યું કે લોકસભામાં તેમના ભાષણ દરમિયાન હિંદુઓ વિશે કરેલી ટિપ્પણી બદલ સંસદની અંદર તેમના ગાલ પર થપ્પડ મારવી જોઈએ. રાહુલ ગાંધી પર આરોપ લગાવતા ભાજપના નેતાએ એમ પણ કહ્યું કે તેઓ જ્યાં જાય છે. તેઓ તે વિસ્તારો અનુસાર તેમના ધાર્મિક વલણમાં ફેરફાર કરે છે. કર્ણાટકના બીજેપી ધારાસભ્ય ભરત શેટ્ટીએ લોકસભામાં તેમના ભાષણ દરમિયાન હિંદુઓ વિશે કરેલી ટિપ્પણી માટે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીની ટીકા કરી છે. ભાજપના ધારાસભ્યએ રાહુલ ગાંધી પર વાંધાજનક ટિપ્પણી કરી છે.ભાજપના ધારાસભ્યએ સોમવારે તેમના મતવિસ્તારમાં એક સભામાં બોલતા, કોંગ્રેસના નેતા પર વાંધાજનક ટિપ્પણી કરી અને કહ્યું કે રાહુલને તેમની કથિત હિન્દુ વિરોધી નીતિ માટે સંસદની અંદર ગાલ પર થપ્પડ મારવી જોઈએ. તેમણે સોમવારે તેમના મતવિસ્તારમાં એક સભામાં બોલતા આ ટિપ્પણી કરી હતી.રાહુલ ગાંધી પર આક્ષેપ કરતાં ભરત શેટ્ટીએ એમ પણ કહ્યું કે તેઓ જ્યાં જાય છે. તેઓ તે વિસ્તારો અનુસાર તેમના ધાર્મિક વલણમાં ફેરફાર કરે છે. તે (રાહુલ) ગુજરાતમાં ભગવાન શિવના ભક્ત, તમિલનાડુમાં નાસ્તિક અને કેરળમાં બિનસાંપ્રદાયિક તરીકે રજૂ કરે છે. તેને ખબર નથી કે જો ભગવાન શિવ તેની ત્રીજી આંખ ખોલશે તો તે રાખ થઈ જશે.ચૂંટણીમાં કોંગ્રેસે ૯૯ બેઠકો જીતી હોવા છતાં લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસના પ્રદર્શન પર કટાક્ષ કરતા તેમણે આ વાત કહી હતી. અમે આને અમારી મોટી ઉપલબ્ધિ ગણી રહ્યા છીએ. બીજેપી નેતાએ તેમના પર ‘‘હિંદુ વિરોધી નીતિ’’ ને પ્રોત્સાહન આપવાનો આરોપ મૂક્યો અને ચિંતા વ્યક્ત કરી કે આવા નેતૃત્વને કારણે હિંદુઓને ભવિષ્યમાં જોખમોનો સામનો કરવો પડશે.તે જ સમયે, બીજેપી નેતા ભરતની આ ટિપ્પણી પછી, પૂર્વ મંત્રી બી રામનાથ રોય, એમએલસી મંજુનાથ ભંડારી, ડીસીસી પ્રમુખ હરીશ કુમાર અને ઈવાન ડિસોઝા સહિત કોંગ્રેસના ઘણા નેતાઓએ મેંગલુરુમાં એક પ્રેસ કોન્ફરન્સ કરી શેટ્ટીની નિંદા કરી.

### દિલ્હીમાં મોટો રાજકીય ખેલ

# AAPના પૂર્વ મંત્રી રાજકુમાર આનંદ સહિત ઘણા નેતાઓ ભાજપમાં જોડાયા

## રાજકુમાર આનંદે દારૂ નીતિ કેસના કારણે AAPના મંત્રી પદ પરથી રાજીનામું આપી, બસપામાં જોડાયા હતા

નવી દિલ્હી, તા.૧૦

આમ આદમી પાર્ટીના પૂર્વ નેતા અને મંત્રી રાજકુમાર આનંદ આજે બુધવારે ભાજપમાં જોડાયા છે. તેમણે લોકસભા ચૂંટણી પહેલા મંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું હતું અને બસપામાં જોડાયા હતા.

હવે તેઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે. તેમની સાથે AAPના વર્તમાન ધારાસભ્ય કરતાર સિંહ તંવર, રત્નેશ ગુપ્તા, સચિન રાય, પૂર્વ ધારાસભ્ય વીણા આનંદ અને AAP કાઉન્સિલર ઉમેદ સિંહ ફોગાટ પણ ભાજપમાં જોડાયા છે. આ નેતાઓ દિલ્હી ભાજપના અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવા અને રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહની હાજરીમાં પાર્ટીમાં જોડાયા હતા.

તાજેતરમાં એપ્રિલ મહિના દરમિયાન રાજકુમાર આનંદે ભ્રષ્ટાચાર અંગેની પાર્ટીની નીતિ પર અસંતોષ વ્યક્ત કરીને કેબિનેટમાંથી રાજીનામું આપી દીધું હતું. તેમનું રાજીનામું સીધું દારૂ નીતિ કેસ સાથે જોડાયેલું હતું, જેમાં મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ અને ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન મનીષ સિસોદિયા સહિતના અગ્રણી નેતાઓની ધરપકડ કરવામાં આવી હતી.

મહત્ત્વપૂર્ણ છે કે, રાજકુમાર આનંદે BSPની ટિકિટ પર નવી દિલ્હી સીટ પરથી તાજેતરમાં યોજાયેલી લોકસભા ચૂંટણી લડી હતી. ચૂંટણી જંગમાં તેમને માત્ર ૫૬૨૯ વોટ મળ્યા હતા. BJPના બાંસુરી સ્વરાજે આ સીટ પર ૭૮,૩૭૦ વોટથી જીત મેળવી હતી. તેમને ૪૫૩,૧૮૫ મત મળ્યા હતા. આમ આદમી પાર્ટીના સોમનાથ ભારતી ૩૭૪,૮૧૫ મતો સાથે બીજા ક્રમે છે. પટેલ નગરના ભૂતપૂર્વ ધારાસભ્ય રાજકુમાર આનંદ અરવિંદ કેજરીવાલની આગેવાની હેઠળની દિલ્હી કેબિનેટમાં સમાજ કલ્યાણ અને જીઝ/જી મંત્રી હતા. આનંદે કહ્યું કે, તેમણે રાજીનામું એટલા માટે આપ્યું કારણ કે તેઓ પોતાનું નામ ચાલી રહેલા ‘ભ્રષ્ટાચાર’ સાથે જોડાવા માંગતા ન હતા.

જુલાઈ ૨૦૧૬માં ઈક્મ ટેક્સની ટીમે કરતાર સિંહ તંવરના ઘરે દરોડા પાડ્યા હતા. આવકવેરા અધિકારીઓએ ૨૭ જુલાઈની સવારે દક્ષિણ દિલ્હીના છતરપુરથી છઈં ધારાસભ્ય કરતાર સિંહ તંવરના ફાર્મ હાઉસ અને ઓફિસ પર દરોડા પાડ્યા હતા.

મળતી માહિતી મુજબ, આવકવેરા અધિકારીઓ સવારે સાડા આઠ વાગ્યે ધારાસભ્યના નિવાસસ્થાને પહોંચ્યા હતા. આવકવેરા વિભાગે દિલ્હીમાં ૧૧ સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું, જેમાં ૧૦૦થી વધુ અધિકારીઓ સામેલ હતા. તે સમયે કરતાર સિંહ તંવરની ૨૦ કંપનીઓ તપાસ હેઠળ હતી. આવકવેરા વિભાગને ફરિયાદ મળી હતી કે, સરકારી નોકરીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ (VRS) લીધા બાદ કરતાર સિંહ તંવરે પ્રોપર્ટીના કામમાં કરોડો રૂપિયાની કમાણી કરી હતી. દરોડાના સમાચાર મળતાની સાથે જ આસપાસના ગામોના લોકો અને ઘણા ‘AAP’ કાર્યકર્તાઓ તેમના ઘરની બહાર એકઠા થયા હતા અને કેન્દ્ર સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર પણ કર્યા હતા.

### પાર્ટીને ‘દલિત વિરોધી’ ગણાવી

# કર્ણાટકના BJP સાંસદને મંત્રી ન બનાવવાથી નારાજ

## બીજેપી સાંસદ અને દલિત નેતા રમેશ જીગાજીનાગીએ કેન્દ્ર સરકારમાં મંત્રી પદ ન આપવા પર નારાજગી વ્યક્ત કરી છે

કર્ણાટક, તા.૧૦

બીજેપી સાંસદ અને દલિત નેતા રમેશ જીગાજીનાગીએ કેન્દ્ર સરકારમાં મંત્રી પદ ન આપવા પર નારાજગી વ્યક્ત કરી છે. રમેશે દાવો કર્યો હતો કે મોટાભાગના કેન્દ્રીય મંત્રીઓ ઉચ્ચ જાતિના છે. તેમણે એમ પણ કહ્યું કે દલિતોને સાઈડલાઈન કરવામાં આવ્યા છે. કર્ણાટકના ભાજપના સાંસદ અને દલિત નેતા રમેશ જીગાજીનાગીએ ખુલ્લેઆમ પાર્ટી સામે પોતાની નારાજગી વ્યક્ત કરી છે અને દાવો કર્યો છે કે મોટાભાગના કેન્દ્રીય મંત્રીઓ ઉચ્ચ જાતિના છે. જ્યારે દલિતોને સાઈડલાઈન કરવામાં આવ્યા છે. રમેશ જીગાજીનાગી સાત વખત સાંસદ રહી ચૂક્યા છે અને ૨૦૧૬થી ૨૦૧૯ સુધી રાજ્યકક્ષાના મંત્રી પણ રહી ચૂક્યા છે. હાલમાં તેઓ વિજયપુરા બેઠક પરથી ચૂંટણી જીત્યા છે.મંગળવારે મીડિયા સાથે વાત કરતા સાંસદ રમેશે કહ્યું, ઘણા લોકોએ મને ભાજપમાં ન જોડાવાની સલાહ આપી હતી કારણ કે તે (પાટી) ‘દલિત વિરોધી’ છે.જીગ્જીનાગીને પૂછવામાં આવ્યું કે શું તેઓ કેબિનેટ મંત્રી બનવા માગે છે? તેના પર તેમણે કહ્યું કે, મારા માટે કેન્દ્રીય મંત્રી પદની માંગ કરવાની કોઈ જરૂર નથી. મારા માટે લોકોનું સમર્થન મહત્વનું છે, પરંતુ જ્યારે હું (ચૂંટણી પછી) પાછો આવ્યો ત્યારે લોકોએ મને ખૂબ ઠપકો આપ્યો. ઘણા દલિતોએ મારી સાથે દલીલ કરી હતી કે ભાજપ દલિત વિરોધી છે અને મારે પાર્ટીમાં જોડાતા પહેલા આ જાણવું જોઈતું હતું.તેમણે કહ્યું, મારા જેવો દલિત વ્યક્તિ દક્ષિણ ભારતમાં સાત ચૂંટણી જીતનાર એકમાત્ર વ્યક્તિ છે. તમામ ઉચ્ચ જાતિના લોકો કેબિનેટ પદ પર છે. રમેશે પૂછ્યું કે શું દલિતોએ ક્યારેય ભાજપને સમર્થન આપ્યું નથી? તેણે વધુમાં કહ્યું કે આનાથી મને ઘણું દુઃખ થયું છે.૭૨ વર્ષીય રમેશ જીગાજીનાગી પહેલીવાર ૧૯૯૮માં લોકસભામાં ચૂંટાયા હતા અને ત્યારથી અત્યાર સુધીની તમામ ચૂંટણીઓ જીતી ચૂક્યા છે. તેઓ ૨૦૧૬ અને ૨૦૧૯માં પીવાના પાણી અને સ્વચ્છતા રાજ્ય મંત્રી રહી ચૂક્યા છે.કર્ણાટકમાં કુલ ૨૮ બેઠકો છે અને ભાજપે આ વખતે ૧૭ બેઠકો જીતી છે. એનડીએના સહયોગી જેડીએસને ૨ બેઠકો મળી છે. કોંગ્રેસને ૯ બેઠકો મળી છે. કર્ણાટકમાંથી મોદી કેબિનેટમાં ચાર ચહેરા છે. જેમાં પ્રહલાદ જોશી તેમજ શોભા કરંદલાજે, વી સોમન્ના અને JDSના એચડી કુમારસ્વામીના નામનો સમાવેશ થાય છે.

### સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક નિર્ણય

# તલાક બાદ મુસ્લિમ મહિલાઓ પણ ભરણપોષણની હકદાર

## છૂટાછેડા લીધેલી પત્નીને ભરણપોષણ ચૂકવવાના નિર્દેશને પડકારતી અરજી ફગાવી : ભરણપોષણ એ ચેરિટી નથી, પરંતુ પરિણીત મહિલાઓનો અધિકાર

નવી દિલ્હી, તા.૧૦

છૂટાછેડા લીધેલ મુસ્લિમ મહિલા ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૧૨૫ હેઠળ તેના પતિ પાસેથી ભરણપોષણની માંગ કરી શકે છે, સુપ્રીમ કોર્ટે આજે ચુકાદો આપ્યો છે. જસ્ટિસ બીવી નાગરથના અને જસ્ટિસ ઑગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે CrPC હેઠળ છૂટાછેડા લીધેલી પત્નીને ભરણપોષણ ચૂકવવાના નિર્દેશને પડકારતી મુસ્લિમ વ્યક્તિની અરજીને ફગાવી દેતાં મોટો ચુકાદો આવ્યો. ન્યાયાધીશ નાગરથનાએ કહ્યું, "અમે આથી મુખ્ય નિષ્કર્ષ સાથે ફોજદારી અપીલને ફગાવીએ છીએ કે કલમ ૧૨૫ તમામ મહિલાઓને લાગુ પડશે અને માત્ર પરિણીત મહિલાઓને જ નહીં," જસ્ટિસ નાગરથનાએ કહ્યું. જસ્ટિસ નાગરથના અને જસ્ટિસ મસીહે અલગ-અલગ, પરંતુ એકસાથે ચુકાદો આપ્યો.

બેન્ચે સ્પષ્ટ કર્યું કે ભરણપોષણ મેળવવાનો કાયદો તમામ પરિણીત મહિલાઓને લાગુ પડે છે, પછી ભલે તે કોઈપણ ધર્મની હોય. કોર્ટે કહ્યું કે ભરણપોષણ એ ચેરિટી નથી, પરંતુ પરિણીત મહિલાઓનો અધિકાર છે. જસ્ટિસ નાગરથનાએ કડક ટિપ્પણીમાં કહ્યું, "કેટલાક પતિઓ એ હકીકત વિશે સભાન નથી કે પત્ની, જે ગૃહિણી છે, તે ભાવનાત્મક રીતે અને અન્ય રીતે તેમના પર નિર્ભર છે. સમય આવી ગયો છે જયારે ભારતીય પુરુષે ગૃહિણીની ભૂમિકાને ઓળખવી જોઈએ અને બલિદાન."

મોહમ્મદ અબ્દુલ સમદની અરજી પર સીમાચિહ્નરૂપ ચુકાદો આવ્યો છે, જેને ફેમિલી કોર્ટ દ્વારા તેની છૂટાછેડા લીધેલી પત્નીને માસિક ભથ્થું ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. શ્રી સમદે આ નિર્દેશને પડકાર્યો હતો, પરંતુ તેલંગાણા હાઈકોર્ટે હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો હતો. ત્યારપછી તેમણે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. તેમના વકીલે દલીલ કરી હતી કે છૂટાછેડા લીધેલ મુસ્લિમ મહિલાઓ મુસ્લિમ મહિલા (છૂટાછેડા પરના અધિકારોનું રક્ષણ) અધિનિયમ, ૧૯૮૬નો આશરો લઈ શકે છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તે કલમ ૧૨૫ સીઆરપીસી કરતા ઘણું વધારે પ્રદાન કરે છે. તેમણે એવી પણ દલીલ કરી હતી કે એક વિશેષ કાયદો - અધિનિયમનો સંદર્ભ લેતો - સામાન્ય કાયદા પર પ્રબળ રહેશે. આ ચુકાદાના મહત્વને સમજવા માટે, ૧૯૮૫માં શાહ બાનો કેસ પર પાછા જવાની જરૂર છે. આ સીમાચિહ્નરૂપ ચુકાદામાં, સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે CrPC ની કલમ ૧૨૫ દરેકને લાગુ પડે છે, પછી ભલે તેનો ધર્મ કોઈ પણ હોય. જો કે, મુસ્લિમ મહિલા (છૂટાછેડા પરના અધિકારોનું રક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ દ્વારા આને પાતળું કરવામાં આવ્યું હતું, જેમાં કહેવામાં આવ્યું હતું કે મુસ્લિમ મહિલા છૂટાછેડાના ૯૦ દિવસ પછી - ઈદ્દત દરમિયાન જ ભરણપોષણ માંગી શકે છે. ૨૦૦૧માં, સર્વોચ્ચ અદાલતે ૧૯૮૬ના કાયદાની બંધારણીય માન્યતાને સમર્થન આપ્યું હતું, પરંતુ ચુકાદો આપ્યો હતો કે તેની છૂટાછેડા લીધેલી પત્નીને ભરણપોષણ પૂરું પાડવાની પુરુષની જવાબદારી જ્યાં સુધી તે ફરીથી લગ્ન ન કરે અથવા પોતાનું ભરણપોષણ કરવા સક્ષમ ન બને ત્યાં સુધી લંબાય છે. આજનો આદેશ છૂટાછેડા લીધેલી મહિલાના સીઆરપીસી હેઠળ ભરણપોષણ મેળવવાના આદેશને વધુ એકીકૃત કરે છે, પછી ભલે તે તેના ધર્મના હોય.

### ૧ હજાર હોટલ-રેસ્ટોરન્ટ બંધ

# રાજકોટમાં અગ્નિકાંડ બાદ RMCની સીલ કરવાની કામગીરી સામે વિરોધ

## અનેક લોકોના ધંધા રોજગારને અસર પહોંચતા રાજકોટ હોટેલ સંચાલક એસોસિયેશન દ્વારા બંધ પાળવામાં આવ્યો

રાજકોટ, તા.૧૦

શહેરમાં TRP ગેમ ઝોનમાં અગ્નિકાંડ બાદ મહાનગર પાલિકાએ હોટલ અને રેસ્ટોરન્ટ પાસે ફાયર NOC અને BU પરમિશન નથી તેને સીલ કરવાની કામગીરી શરૂ કરી છે. જેને કારણે અનેક લોકોના ધંધા રોજગારને અસર પહોંચી છે. આજે રાજકોટ હોટેલ સંચાલક એસોસિયેશન દ્વારા બંધ પાળવામાં આવ્યો છે. શહેરની એક હજાર જેટલી હોટેલ, રેસ્ટોરન્ટ, બેંક્વેટ હોલ, પાર્ટી પ્લોટ બંધ રાખવામાં આવ્યાં છે. તે ઉપરાંત રાજકોટ હોટલ સંચાલક એસોસિયેશનના પ્રમુખ મેહુલ પટેલે સીલ ખોલવા માટે ઈસ્ઝના અધિકારીએ રૂ. ૫ લાખની ખંડણી માંગી હોવાનો આક્ષેપ કર્યો છે.

રાજકોટ હોટેલ સંચાલક એસોસિયેશનના પ્રમુખ મેહુલ પટેલે મીડિયાને જણાવ્યું હતું કે, આજે રાજકોટમાં એક હજાર જેટલી હોટેલ, રેસ્ટોરન્ટ, બેંક્વેટ હોલ, પાર્ટી પ્લોટ બંધ રાખવામાં આવ્યાં છે. અત્યારે જ ફાયર એનઓસી અને મેં પરમિશન માગવામાં આવે છે. અત્યાર સુધીમાં ૬૦૦ જેટલી પ્રોપર્ટી સીલ કરવામાં આવી છે. જે પ્રોપર્ટી સીલ કરવામાં આવી છે ત્યાં રૂ. ૫-૫ લાખના હપ્તા માગવામાં આવે છે. રાજકોટ મહાનગરપાલિકાના નામે એક અધિકારી રૂ. ૫ લાખના હપ્તા માગતા હતા. જેમનું નામ અમીષાબેન હોવાનું તેમણે જણાવ્યું હતું. આ વ્યક્તિ RMCમાં અરજી કરે છે અને તેના આવેદન બાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા સીલ મારવામાં આવે છે.

મેહુલ પટેલે વધુમાં કહ્યું હતું કે, અમારી માગણી એ જ છે કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હોટેલ-રેસ્ટોરન્ટ સીલ કરવાની કામગીરી તાત્કાલિક બંધ કરવામાં આવે. અમે મ્યુનિસિપલ કમિશનર ડી.પી. દેસાઈ પાસે જઈએ તો અમને ૧૯૮૬નો કાયદો સમજાવે છે.જ્યારે હોટેલ-રેસ્ટોરન્ટના સીલ ખોલાવવા રૂ. ૫ લાખના હપ્તાના આક્ષેપ મામલે અમીષાબેન વૈદ્યએ જણાવ્યું હતું કે, રૂ. ૫ લાખના આક્ષેપ કરવામાં આવ્યા તે ખોટા છે. સેકન્ડ વાઈફ અને ઢોસા ડોટ કોમ રેસ્ટોરન્ટ પાસે ફાયર ર્દ્વઝ નથી, સ્ટ્રક્ચર મંજૂર નથી અને કમ્પ્લીશન પણ નથી.

### મુંબઈ હિટ એન્ડ રન કેસ મામલો

# મિહિર શાહના પિતા-શિવસેનાના નેતા રાજેશ શાહ સામે કાર્યવાહી

## મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેની શિવસેનાએ બુધવારે રાજેશ શાહને ડેપ્યુટી લીડરના પદેથી હટાવ્યા

મુંબઈ, તા.૧૦

મુંબઈમાં જીવલેણ હિટ એન્ડ રન કેસમાં તેમના પુત્ર મિહિર શાહની કથિત સંડોવણીના વિવાદ વચ્ચે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેની શિવસેનાએ બુધવારે રાજેશ શાહને ડેપ્યુટી લીડરના પદેથી હટાવ્યા હતા. રાજેશ શાહની ધરપકડ અને ત્યારબાદ જામીન પર છૂટ્યાના થોડા જ દિવસોમાં આ કાર્યવાહી કરવામાં આવી છે. શિવસેનાના સેક્રેટરી સંજય મોરેએ કહ્યું છે કે રાજેશ શાહને ડેપ્યુટી લીડરના પદ પરથી મુક્ત કરવામાં આવ્યા છે. જોકે તેઓ પાર્ટીના સભ્ય તરીકે ચાલુ રહેશે. ૨૪ વર્ષીય મિહિર શાહની મંગળવારે વિરારના એક રિસોર્ટમાંથી ધરપકડ કરવામાં આવી હતી. રવિવારે જ્યારે તે તેની મ્સ્ઉ કાર લઈને જઈ રહ્યો હતો, ત્યારે કારની અડફેડે ટુ-વ્હીલર લઈને જઈ રહેલું દંપતિ આવી ગયું હતું. અકસ્માતમાં ૪૫ વર્ષીય મહિલાનું ઘટના સ્થળે મોત થયું હતું. જ્યારે તેના પતિને ઈજા થઈ હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અકસ્માત પછી મિહિરે તેના ડ્રાઈવર સાથે સીટ બદલાવી નાંખી હતી. બાદમાં તે ઘટના સ્થળેથી ભાગી ગયો હતો. તેણે દાઢી મુંડાવીને પોતાનો વેશપલટો કરવાનો પ્રયાસ કર્યો હોવાની વાત પણ પોલીસ સમક્ષ કબુલી હતી. એકનાથ શિંદેના નજીકના સાથી રાજેશ શાહની રવિવારે આ કેસના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી. પોલીસનો દાવો છે કે તેણે સક્રિયપણે તેના પુત્રને ભાગવામાં મદદ કરી હતી અને પરિવારના ડ્રાઈવરને આ ઘટના માટે ફોલોઅપ લેવા માટે સૂચના આપી હતી. રાજેશ શાહ પર ખોટી માહિતી આપવા અને પુરાવાનો નાશ કરવાનો આરોપ છે.

મિહિર શાહ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે, તેને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. વધુ તપાસ માટે પોલીસ તેની કસ્ટડી માંગશે. હિટ-એન્ડ-રનથી આક્રોશ ફેલાયો છે, મુખ્યમંત્રી એકનાથ શિંદેએ આવા કેસોમાં સામેલ લોકો સામે કડક પગલાં લેવાની ખાતરી આપી છે.

ઉલ્લેખનીય છે કે મિહિર શાહે જે પબમાં પાર્ટી કરી હતી. તેની સામે પણ પગલા લેવાયા હતા. પબના ગેરકાયદેસર રીતે બાંધવામાં આવેલા ભાગને તોડી પાડવામાં આવ્યો હતો.

### રોડ પર એક મહિલાનો અકસ્માત થયો હતો

# સીએમ શિંદે કારમાંથી નીચે ઉતર્યા અને મહિલાની મદદ કરી

## રસ્તા પાસે ટ્રેક પર બેઠેલી આ પીડિત મહિલા પાસે ગયા અને પૂછી રહ્યા છે કે શું થયું :અધિકારીઓને સૂચના આપી

મુંબઈ,તા.૧૦

મહારાષ્ટ્રના સીએમ એકનાથ શિંદે સાથે સંબંધિત એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. સીએમનો કાફલો પસાર થઈ રહ્યો હતો ત્યારે રોડ પર એક મહિલાનો અકસ્માત થયો હતો.

આ અકસ્માત પછી એકનાથ શિંદેએ ઘાયલ મહિલાને રસ્તા પર બેઠેલા જોયા અને પોતાના વીઆઈપી સ્ટેટસ અને સુરક્ષાની પરવા કર્યા વિના માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

સીએમ શિંદે પોતે પોતાની કારમાંથી નીચે ઉતર્યા અને મહિલાની મદદ કરી. વીડિયોમાં જોઈ શકાય છે કે કેવી રીતે તે રસ્તા પાસે ટ્રેક પર બેઠેલી આ પીડિત મહિલા પાસે ગયા અને પૂછી રહ્યા છે કે શું થયું. નજીકમાં ઉભેલા લોકોએ આ ઘટનાનો વીડિયો બનાવ્યો. મહિલાની સાથે અન્ય એક વ્યક્તિને પણ ઈજા થઈ હતી. દરમિયાન એક એમ્બ્યુલન્સ આવે છે જેમાં ઘાયલોને લઈ જવામાં આવે છે. સીએમ આ બધા સમયે સાથે જોવા મળે છે અને અધિકારીઓને કેટલીક સૂચનાઓ આપતા પણ જોવા મળે છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ મુંબઈના વરલી વિસ્તારમાં બનેલી BMW હિટ એન્ડ રનની ઘટનાને લઈને મુખ્યમંત્રી શિંદેએ કહ્યું હતું કે આ મામલે કડક પગલાં લેવામાં આવશે. તેમણે કહ્યું કે કોઈ પણ નેતા ગમે તેટલો અમીર હોય, કોઈને પણ બક્ષવામાં આવશે નહીં.

### બંને દેશોએ નવી સંભાવનાઓની ઓળખ કરી : મોદી

# મોદી ૪૧ વર્ષમાં ઓસ્ટ્રિયાની મુલાકાત લેનારા પહેલા ભારતીય વડાપ્રધાન

## ભારત-ઓસ્ટ્રેયિના સંબંધોનો વિકાસ, રશિયા-યુક્રેન યુદ્ધ, આતંકવાદ સહિતના મુદ્દે વાતચીત કરવામાં આવી હતી

વિયેના તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસની રશિયાની મુલાકાત બાદ આજે ઓસ્ટ્રિયાની મુલાકાતે છે. અહીં તેમણે ભારત-ઓસ્ટ્રિયાનું સંયુક્ત ઘોષણાપત્ર જાહેર કર્યું છે. આ દરમિયાન તેમણે ભારત-ઓસ્ટ્રેયિના સંબંધોનો વિકાસ, રશિયા-યુક્રેન યુદ્ધ, વિશ્વભરમાં ચાલી રહેલો સંઘર્ષ, આતંકવાદ સહિતના મુદ્દે વાતચીત કરી હતી. વડાપ્રધાનની આ યાત્રાની સૌથી મહત્વની વાત એ છે કે, ૪૧ વર્ષમાં પહેલીવાર કોઈ ભારતીય વડાપ્રધાન ઓસ્ટ્રિયાની મુલાકાતે છે.

તેમણે કહ્યું કે, 'મારી આ યાત્રા ખાસ અને ઐતિહાસિક છે. બંને દેશો વચ્ચે દાયકાઓ સુધી સહકાર જળવાઈ રહે તે માટે અમે બ્લૂ પ્રિન્ટ તૈયાર કરી છે. આજે મારી અને ચાંસલર નેહમર વચ્ચે સાર્થક વાતચીત થઈ છે. અમે બંને દેશોના સહયોગને વધુ મજબૂત કરવા માટે નવી સંભાવનાઓની ઓળખ કરી છે. અમે નિર્ણય લીધો છે કે, સંબંધોને વ્યૂહાત્મક દિશા આપવામાં આવશે. અમે બંનેએ આતંકવાદની કડક નિંદા કરી છે.'

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'મેં અને ચાંસલર નેહમરે વિશ્વમાં ચાલી રહેલા વિવાદો, રશિયા-યુક્રેન સંઘર્ષ, પશ્ચિમ એશિયાની સ્થિતિ સહિત તમામ મુદ્દે વિસ્તારથી ચર્ચા કરી છે. અમે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, રિન્યુએબલ એનર્જી, હાઈડ્રોજન, વોટર એન્ડ વેસ્ટ મેનેજમેન્ટ, એઆઈ ટેકનોલોજી તેમજ બંને દેશો વચ્ચેના સંબંધો મજબૂત કરવા અંગે પણ ચર્ચા કરી છે.'

તેમણે કહ્યું કે, 'મેં પહેલા પણ કહ્યું છે કે, આ યુદ્ધનો સમય નથી. યુદ્ધના મેદાનમાં સમસ્યાઓનું નિરાકરણ નથી આવી શકતું. માનવતામાં વિશ્વાસ રાખનાર દરેક વ્યક્તિ જ્યારે કોઈનો જીવ જાય છે ત્યારે દુઃખી થાય છે. જાનહાનિ અસ્વીકાર્ય છે. ભારત અને ઑસ્ટ્રિયા શાંતિ અને સ્થિરતા સ્થાપવા માટે શક્ય તમામ પ્રયાસો કરવા માટે તૈયાર છે.' વડાપ્રધાન મોદીએ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, 'ભારત અને ઓસ્ટ્રિયા આતંકવાદની કડક નિંદા કરે છે. અમે બંને દેશો કોઈપણ પ્રકારના આતંકવાદનો અસ્વિકાર કરીએ છીએ. લોકશાહી અને કાયદાના શાસન જેવા મૂલ્યોમાં સહિયારી માન્યતા એ ભારત-ઓસ્ટ્રિયા સંબંધોનો મજબૂત પાયો છે. વડાપ્રધાન તરીકેના મારા ત્રીજા કાર્યકાળની શરૂઆતમાં ઓસ્ટ્રિયાની મુલાકાત લેવાની તક મળતાં મને ખુશી થઈ છે.'

ઓસ્ટ્રિયાના ચાંસલર કાર્લ નેહમરે એક્સ પર ટ્વિટ કરીને વડાપ્રધાન મોદી દ્વારા કરાયેલા તમામ મુદ્દાઓ પર સંમતી સાધી છે. તેમણે કહ્યું કે, પશ્ચિમ અને દક્ષિણના દેશોએ સ્વિત્ઝરલેન્ડમાં શાંતિ શિખર સંમેલનમાં લેવાયેલા નિર્ણયો પર આગળ વધવા માટે એક થવું જોઈએ. આ સંબંધોમાં પણ ભારતની મહત્વની ભમિકા છે. નેહમરેએ કહ્યું કે, યુક્રેનમાં ચાલી રહેલું યુદ્ધ સમાપ્ત થવું જોઈએ. આ માટે બંને દેશો વચ્ચે સંવાદ સ્થાપિત કરવા માટે ઓસ્ટ્રિયા તમામ શક્ય પ્રયાસો કરશે.

### ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ બન્યા બાદ ગૌતમ ગંભીરે કહ્યું

# 'દેશની સેવા કરવી એ મારા જીવનનો સૌથી મોટો વિશેષાધિકાર છે

## ભારતીય ક્રિકેટર અને પૂર્વ દિલ્હીના પૂર્વ સાંસદ ગૌતમ ગંભીરને ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચની જવાબદારી મળી છે

નવી દિલ્હી, તા.૧૦

ભારતીય ક્રિકેટ ટીમને ગૌતમ ગંભીરના રૂપમાં તેનો નવો મુખ્ય કોચ મળ્યો છે. તેણે પૂર્વ કોચ રાહુલ દ્રવિડની જગ્યા લીધી છે. ગંભીરને નવા મુખ્ય કોચ બનાવવાની માહિતી BCCI સેક્રેટરી જય શાહે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં શેર કરી છે.ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચની જવાબદારી મળ્યા બાદ પૂર્વ દિલ્હીના પૂર્વ સાંસદ ગૌતમ ગંભીરે પ્રતિક્રિયા આપતા કહ્યું કે દેશની સેવા કરવી એ મારા જીવનનો સૌથી મોટો વિશેષાધિકાર રહ્યો છે.ગૌતમ ગંભીરે પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું, ભારત મારી ઓળખ છે અને મારા દેશની સેવા કરવી એ મારા જીવનનો સૌથી મોટો વિશેષાધિકાર રહ્યો છે. હું એક અલગ ટોપી પહેરી હોવા છતાં, પાછા આવવા માટે સન્માનિત છું, પરંતુ મારો ધ્યેય એ જ છે જે તે હંમેશા રહ્યો છે. દરેક ભારતીયને ગૌરવ અપાવવા માટે. મેન ઈન બ્લુ 1.4 અબજ ભારતીયોના સપનાઓ તેમના ખભા પર ઉઠાવે છે અને આ સપના સાકાર કરવા માટે હું મારી શક્તિમાં બધું જ કરીશ.નવા મુખ્ય કોચ તરીકે તેમની નિમણૂક વિશે માહિતી આપતાં, BCCI સેક્રેટરી જય શાહે સોશિયલ મીડિયા પર લખ્યું, હું ભારતીય ક્રિકેટ ટીમના નવા મુખ્ય કોચ તરીકે ગૌતમ ગંભીરનું સ્વાગત કરીને ખૂબ જ ખુશ છું.

આધુનિક ક્રિકેટનો ઝડપથી વિકાસ થયો છે અને ગૌતમે આ બદલાતા સમયને નજીકથી જોયો છે. તેણે તેની સમગ્ર કારકિર્દી દરમિયાન પડકારોનો સામનો કર્યો હોવા છતાં ઘણી ભૂમિકાઓમાં શાનદાર પ્રદર્શન કર્યું છે, મને વિશ્વાસ છે કે તે (ગૌતમ ગંભીર) ભારતીય ક્રિકેટને આગળ લઈ જવા માટે આદર્શ વ્યકિત છે.બીસીસીઆઈ સેક્રેટરીએ આગળ લખ્યું કે ટીમ ઈન્ડિયા માટે તેમની સ્પષ્ટ દ્રષ્ટિ, તેમના વિશાળ અનુભવ સાથે, તેમને આ રોમાંચક અને સૌથી વધુ માંગવાળી કોચિંગ ભૂમિકા નિભાવવા માટે સંપૂર્ણ રીતે સક્ષમ બનાવે છે. BCCI તેમને આ નવી જવાબદારી નિભાવવામાં સંપૂર્ણ સમર્થન આપે છે.ભારતીય ટીમના મુખ્ય કોચ તરીકે ગૌતમ ગંભીરનો કાર્યકાળ શ્રીલંકા સાથે રમાનારી આગામી શ્રેણીથી શરૂ થશે, જ્યાં ટીમ ઈન્ડિયા 27 જુલાઈ, 2024 થી 3 ODI અને ત્રણ T20 મેચ રમશે.

### ઝેલેન્સકીએ યુ.એસ.માં ગર્જના કરી

# પુતિન કેટલો સમય ટકી શકશે ? વોશિંગ્ટન પાસે જવાબ છે...

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રશિયા પ્રવાસ પર તીખી પ્રતિક્રિયા આપનાર યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકી હાલમાં અમેરિકામાં છે

વોશિંગ્ટના, તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રશિયા પ્રવાસ પર તીખી પ્રતિક્રિયા આપનાર યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકી હાલમાં અમેરિકામાં છે. તેઓ નોર્થ એટલાન્ટિક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન (નાટો)ની બેઠકમાં ભાગ લેવા વોશિંગ્ટન પહોંચ્યા છે. જેમાં તેણે રોનાલ્ડ રીગન ઈન્સ્ટિટ્યૂટના મંચ પરથી ઘણી મહત્વની વાતો કહી.ઝેલેન્સકીએ કહ્યું કે હું યુક્રેનને મદદ કરવા અને તેની સ્વતંત્રતાની રક્ષા કરવાના નિર્ધાર માટે અમેરિકાનો આભાર વ્યક્ત કરું છું. હવે રશિયન આતંકવાદને ખતમ કરવો ખૂબ જ જરૂરી બની ગયો છે.તેમણે કહ્યું કે ૨૦મી સદીમાં અમેરિકી રાષ્ટ્રપતિ રોનાલ્ડ રીગનના શબ્દો આજે પણ ખૂબ જ વાજબી લાગે છે કે શાંતિ માટેની વ્યૂહરચના હંમેશા ખૂબ જ સરળ રહી છે: મજબૂત રહેવું જેથી કોઈ વિરોધી એક ક્ષણ માટે વિચારે નહીં કે યુદ્ધ ફાયદાકારક છે.ઝેલેન્સકીએ કહ્યું કે રીગને ૧૯૮૮માં નાટોની વ્યૂહરચના અંગે આ વાત કહી હતી. આવી સ્થિતિમાં વોશિંગ્ટનમાં નાટો સમિટની પૂર્વ સંધ્યાએ તેમના શબ્દોનો પુનરોચ્ચાર કરવો પ્રતીકાત્મક છે. પરંતુ હવે જેમ જેમ સમય પસાર થઈ રહ્યો છે તેમ તેમ પ્રમુખ રીગનના આ શબ્દો સાથે વધુને વધુ લોકો સહમત થઈ રહ્યા છે.તેમણે કહ્યું કે આ શબ્દો અમેરિકા વિશે છે. અમેરિકા જેને વિશ્વ મૂલ્ય આપે છે. રીગને આ ભાષણ ૨૩ ફેબ્રુઆરી, ૧૯૮૮ના રોજ આપ્યું હતું. આ પછી ૨૪મી ફેબ્રુઆરીની તારીખ આવી પરંતુ એક અલગ યુગમાં. ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨ ના રોજ, રશિયાએ અમારી પ્રાદેશિક અખંડિતતાનું ઉલ્લંઘન કર્યુ અને અમારા પર હુમલો કર્યો. ઝેલેન્સકીએ જણાવ્યું હતું કે આ દિવસ રીગનના વારસા અને નિયમો આધારિત વૈશ્વિક વ્યવસ્થા બંને માટે એક મોટો પડકાર હતો જેને તેઓ સાચવવા માગતા હતા. પરંતુ શું તે હવે સાચવવામાં આવ્યું છે? હવે બધા નવેમ્બરની રાહ જોઈ રહ્યા છે. અમેરિકા, યુરોપ, મિડલ ઈસ્ટ, ઈન્ડો પેસિફિક અને સમગ્ર વિશ્વની નજર નવેમ્બરમાં યોજાનારી અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણી પર છે. પુતિન પણ આની રાહ જોઈ રહ્યા છે, પરંતુ આ નવેમ્બર શું લઈને આવશે તેની તૈયારી કરવાની જરૂર છે.ઝેલેન્સકીએ કહ્યું કે આ સમય કોઈના પણ પડછાયામાંથી બહાર આવવાનો છે, મજબૂત નિર્ણય લેવાનો છે, નવેમ્બર કે અન્ય કોઈ મહિનાની રાહ જોવાનો નથી પરંતુ કામ કરવાનો છે. અમારે કોઈ પણ સંજોગોમાં સમાધાન કરવાની જરૂર નથી. લોકશાહીને પુતિન અને તેની સેનાથી બચાવવી પડશે, લાખો યુક્રેનિયનોને તેમના આતંકથી બચાવવા પડશે. અમે બધાએ સાથે મળીને કામ કર્યું, અમે એક દિવસ કે એક મિનિટ પણ રાહ ન જોઈ. અમે દરરોજ સંઘર્ષ કરી રહ્યા છીએ અને હાર્યા વિના અડગ ઊભા છીએ. દુનિયાએ જોયું છે કે પુતિન હારી શકે છે અને લોકશાહી જીતી શકે છે. જ્યારે તે અશક્ય લાગે ત્યારે પણ આપણે જીતી શકીએ છીએ.તેણે કહ્યું કે પણ આપણે ક્યારે વિચારવાનું શરૂ કર્યું કે કોઈ પણ પગલું ભરવા કરતાં મોડું કરવું વધુ સારું છે? અથવા વિજય કરતાં આંશિક ઉકેલ સારો છે? અને એવું ક્યારે લાગવા માંડ્યું કે સ્વતંત્રતાની હિમાયત કરવી કથિત રીતે અસુરક્ષિત છે? કે પછી આખી દુનિયાને બ્લેકમેલ કરવા માટે પુતિનને કથિત રીતે પાઠ ભણાવવાથી કોઈ ફાયદો થશે નહીં?ઝેલેન્સકીએ કહ્યું કે અમેરિકા વિના દુનિયા સુરક્ષિત રહી શકે નહીં. વિશ્વની બાબતોની પરવા કર્યા વિના, અમેરિકા ન તો વિશ્વ નેતા બની શકે છે કે ન તો સ્વપ્ન નિર્માતા. અમેરિકાએ તેની તાકાત ઓળખવી જોઈએ કારણ કે તે વિશ્વની સ્વતંત્રતાનું રક્ષણ કરે છે. આ કારણે દુનિયા અમેરિકાને પ્રાધાન્ય આપે છે કારણ કે અમેરિકા આળસુ બેસી રહેતું નથી.

### ટી૨૦ શ્રેણી ૧-૧થી બરાબર થઈ

# મહિલા ટીમ ઈન્ડિયાએ દક્ષિણ આફ્રિકાને ૧૦ વિકેટથી હરાવ્યું

## ભારતે ૧૦.૫ ઓવરમાં કોઈપણ નુકશાન વિના ૮૮ રન બનાવીને આસાન વિજય નોંધાવ્યો હતો

નવી દિલ્હી, તા.૧૦

પૂજા વસ્ત્રાકર અને રાધા યાદવની શાનદાર બોલિંગને કારણે, ભારતે ત્રીજી અને અંતિમ મહિલા ૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં દક્ષિણ આફ્રિકાને ૧૦ વિકેટથી હરાવ્યું. ટીમ ઈન્ડિયાને ૫૫ બોલ બાકી રહેતા આ એકતરફી જીત મળી હતી. આ સાથે જ ત્રણ મેચની સિરીઝ ૧-૧થી બરોબર રહી હતી.ઝડપી બોલર વસ્ત્રાકર (૧૩ રનમાં ૪ વિકેટ)એ કારકિર્દીની સર્વશ્રેષ્ઠ ૪ વિકેટ ઝડપી હતી, જ્યારે ડાબા હાથની સ્પિનર રાધા (૬ રનમાં ૩ વિકેટ)એ ૩ વિકેટ ઝડપી હતી, જેના કારણે દક્ષિણ આફ્રિકા ૧૭.૧ ઓવરમાં ૮૪ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. ભારતે ૧૦.૫ ઓવરમાં કોઈપણ નુકશાન વિના ૮૮ રન બનાવીને આસાન વિજય નોંધાવ્યો હતો. સ્મૃતિ મંધાના ૪૦ બોલમાં ૫૪ રન બનાવીને અણનમ રહી અને શેફાલી વર્મા ૨૫ બોલમાં ૨૭ રન બનાવીને અણનમ રહી.દક્ષિણ આફ્રિકાએ પ્રથમ મેચ ૧૨ રને જીતી હતી, જ્યારે બીજી મેચ વરસાદને કારણે પૂર્ણ થઈ શકી ન હતી. અગાઉ, વનડે શ્રેણીમાં ૩-૦થી જીત નોંધાવવા ઉપરાંત, ભારતે એકમાત્ર ટેસ્ટ મેચ પણ જીતી હતી.

મંધાનાએ અયોબંગા ટેમ્પ્લેટ પર બે ચોગ્ગા ફટકારીને શરૂઆત કરી હતી. આ પછી બંને ભારતીય બેટ્સમેનોએ આસાનીથી રન બનાવ્યા. ભારતમાં પાવર પ્લેમાં ૪૦ રન બનાવ્યા. આ પછી મંધાનાએ સાઉથ આફ્રિકાના બોલરો પર સંપૂર્ણ રીતે પ્રભુત્વ જમાવ્યું હતું.મંધાનાએ નાદીન ડી ક્લાર્કના બોલ પર બે ચોગ્ગા અને વિજેતા છગ્ગા ફટકારીને તેની અડધી સદી પૂરી કરી હતી. તેણે પોતાની ઈનિંગમાં ૮ ફોર અને ૨ સિક્સર ફટકારી હતી. શેફાલીએ પોતાની ઈનિંગમાં ૩ ચોગ્ગા ફટકાર્યા હતા. જ્યારે તે ૨૪ રન પર હતી ત્યારે તેને પણ જીવનનો લીઝ મળ્યો હતો.અગાઉ વસ્ત્રાકર અને રાધા સિવાય ભારત તરફથી અરુંધતી રેડ્ડી (૧૪ રનમાં એક વિકેટ), શ્રેયંકા પાટીલ (૧૯ રનમાં એક વિકેટ) અને દીપ્તિ શર્મા (૨૦ રનમાં એક વિકેટ)એ એક-એક વિકેટ લીધી હતી.દક્ષિણ આફ્રિકા તરફથી માત્ર ઓપનિંગ બેટ્સમેન તેજમીન બ્રિટ્સ જ ૨૦ રનના આંકને સ્પર્શી શક્યો. ભારતે ટોસ જીતીને દક્ષિણ આફ્રિકાને બેટિંગ માટે આમંત્રણ આપ્યું, ત્યારબાદ ટીમે પાવર પ્લેમાં કેપ્ટન લૌરા વોલ્વાર્ડ (૯) અને મેરિજેન કેપ્પ (૧૦)ની વિકેટ ગુમાવ્યા બાદ ૩૯ રન ઉમેર્યા.

# વિશ્વ વસ્તી દિને જનજાગૃતિની ખાસ આવશ્યકતા છે : રાજુભાઈ પરિખ

અમરેલી, તા.૧૦

૧૧મી જુલાઈ વિશ્વ વસ્તી દિને તરીકે મનાવાય છે. દર વર્ષે અલગ–અલગ થીમ બહાર પડતી હો છે. વિશ્વમાં અમુક દેશો વસ્તી વધારવાની તરફેણ કરે છે. દરેક દેશ તેની પરિસ્થિતીને આધીન છે. ત્યારે આ સંજોગોમાં જનજાગૃતિની ખાસ આવશ્યકતા છે. દરેક નિર્ણય સમજી વિચારીને લેવો જરૂરી છે. આપણે જાણીએ છીએ પૃથ્વી પાસે જેટલી જમીન છે. તેમાં વધારો ન થઈ શકે. માટે આવનાર સમયને ધ્યાનમાં રાખીને તેનો ઉપયોગ કરવો જોઈએ. દરેક વ્યકિત તંદુરસ્ત રહે, આરોગ્ય સારુ રહે, તેને સારુ શિક્ષણ મળે, આર્થિક સ્થિતિ સારી રહે વગેરે ઈચ્છતો જ હોય છે. પર્યાવરણ, આરોગ્ય, સ્વચ્છતા અંગે સરકારની ગાઈડલાઈનનું પાલન કરવુ જોઈએ. વિકાસ અટકવો ન જોઈએ.



સતત થતો રહે તો એનું પરિણામ મળતુ હોય છે. કુટુંબમાં ઓછી વસ્તી ઘણી બધી સમસ્યાઓ હલ કરવામાં ઉપયોગી નીવડે શકે તે માટે એક દંપતી એક બાળક અંગે પણ વિચારવુ જરૂરી છે. જનજાગૃતિની આવશ્યકતા છે. આ વિચાર સહુ જ ભાવે રાજુભાઈ પરિખ વ્યકત કરે છે.

# કુદરતી આફતો સામે સજાગ રહેવા માટે હવામાન વિભાગની ૪ એપ ઉપયોગી

અમરેલી, તા. ૧૦

જનતાને તાજેતરના હવામાનની પરિસ્થિતિ અને કુદરતી આફતો સામે સજાગ રહેવા માટે ભારત સરકાર અને હવામાન વિભાગ (IMD) દ્વારા લોંચ કરાયેલી ૪ એપ્લિકેશન ખૂબ ઉપયોગી નીવડે તેમ છે.

જીલ્લા કલેકટર અજય દહિયા અને જીલ્લા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા હવામાનની જરૂરી અપડેટ આપતી MUSAM', 'DAMINI', 'MEGDOOT AGRO' અને 'PUBLIC OBSERVATION APP' ડાઉનલોડ કરવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.આ એપ્લિકેશનોની મદદથી આપને તાજેતરના હવામાનના અપડેટ્સ, ચેતવણી અને સલાહો પ્રાપ્ત થાય છે, જેથી આપની અને આપના પરિવારની સલામતી સુનિશ્ચિત કરી શકાશે. ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા વિકસિત MUSAM APP','DAMINI APP', 'MEGDOOT AGRO APP' અને PUBLIC OBSERVA TION APP' જેવી હવામાન ચેતવણી એપ્લિકેશનનો ઉપયોગ કરવા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે.

દેશના હવામાન વિભાગ (IMD) તેમજ પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય દ્વારા MOUSAM મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે. જે એપ્લિકેશન મારફત લોકો હવામાનની આગાહીઓ, રડાર છબીઓ વગેરેની માહિતી મેળવી શકે છે. તેવી જ રીતના 'DAMINI APP', આકાશમાં તોળાઈ રહેલી આપત્તિ વીજળીની પ્રવૃત્તિ વિશે અગાઉથી માહિતી મેળવવામાં મદદ કરે છે. આ એપ વર્તમાન 'લાઈટનિંગ સ્ટ્રાઈક'નું ચોક્કસ સ્થાન, ૪૦ ચો.કિ.મી.ના વિસ્તારની આસપાસ તોળાઈ રહેલી વીજળીના સંભવિત સ્થાનો અને વાવાઝોડાની હિલચાલ અને તેની દિશા અંગેની માહિતી આપે છે.ભારત સરકાર દ્વારા બનાવવામાં આવેલી 'MEGDOO T AGRO APP' જે ખેડુતોને હવામાનની માહિતીના આધારે પાકની સલાહ તેમજ અન્ય મહત્વપુર્ણ માહિતી પોતાની સ્થાનિક ભાષામાં જ પુરી પાડે છે. તેમજ લોકેશન વાઈસ હવામાનની જાણકારી માટે 'PUBLIC OBSE RVA TION APP' બનાવવામાં આવેલી છે. આ એપ્લિકેશનમાં યુઝર્સ પોતાનો અભિપ્રાય પણ શેર કરી શકે છે. ભારત સરકારના હવામાન વિભાગ દ્વારા વિકસાવવવામાં આવેલી આ મહત્વપૂર્ણ એપ્લિકેશનનો ઉપયોગ કરવા આપત્તિ વ્યવસ્થાપન તંત્ર અમરેલી દ્વારા અનુરોધ કરાયો છે.

### દિલીપ સંઘાણી અને પરશોત્તમભાઈ રૂણાલાનું સચોટ માર્ગદર્શન

# અમરેલી : અમર ડેરીની જી.એસ.ટી ટેક્ષ અંગે શ્રેષ્ઠ કામગીરી કેન્દ્ર સરકારે બિરદાવી

## ચેરમેન અશ્વિન સાવાલીયાનું સતત મોનિટરીગ અને પારદર્શી મેનેજમેન્ટ

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લા ખેડૂત પશુપાલકોની સંસ્થા અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. અમર ડેરીને કેન્દ્રીય જી.એસ.ટી કાઉન્સીલના ચેરમેન દ્વારા સંઘના એકાઉન્ટીંગ અને ટેક્ષલક્ષી કામગીરી બિરદાવી પ્રમાણપત્ર આપેલ છે. આ અગાઉ સંઘ દ્વારા નોટબંધીના સમયગાળામાં કરેલ એકાઉન્ટીંગ માટે જી.સી.એમ. એમ.એફ દ્વારા બિરદાવવામાં આવી હતી. આ ઉપરાંત સંઘ દ્વારા દર ૧૦ દિવસનું દૂધ ૧૦૦ટકા પેમેન્ટ દૂધ મંડળીઓ બેંક ખાતામાં જમા થાય છે.



જે સંઘની વિશ્વનીયતા અને પારદર્શકતા દર્શાવે છે. એવુ સંઘના એમ.ડી ડો.આર.એસ.પટેલની અખબાર યાદીમાં જણાવેલ છે.

# બાબરા ખાતે ભાજપ અગ્રણી નીતિનભાઈ રાઠોડ દ્વારા રિલાયન્સ પેટ્રોલિયમનાં કર્મચારીઓનું સન્માન



બાબરા, તા. ૧૦

બાબરા ખાતે આવેલ જીઓ બીપી પેટ્રોલ પંપ ઉપર રિલાયન્સ પેટ્રો માર્કેટિંગમાંથી રિલાયન્સ જીઓ બીપી લી. થયાં એનાં ચાર વર્ષ પૂર્ણ થતાં કેક કાપી ઉજવણી કરવામાં આવી અને રિલાયન્સ જીઓ બીપી પંપ પર કામ કરતા સ્ટાફને પ્રોત્સાહન ભેટ આપવામાં આવી હતા. અમરેલી જિલ્લા પંચાયતનાં પૂર્વ કારોબારી ચેરમેન નીતિનભાઈ રાઠોડ હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. તકે બાબરા રિલાયન્સ જીઓ બીપી લી. નાં ઓપરેટર હરેશભાઈ રાઠોડ સહિતનાં સ્ટાફ હાજર રહી આ રિલાયન્સ જીઓ બીપી લી. નાં ચાર વર્ષ પૂર્ણ થયાની ઉજવણી કરવામાં આવી હતી.

### પાલિકાનાં શાસકો યોગ્ય કરે તેવી માંગ

# દામનગરનાં વાલ્મીકીવાસમાં ખૂલ્લી કૂંડી કોઈનો ભોગ લેશે ?

## મજબૂત ઢાંકણુ લગાવવા જરૂરી

દામનગર, તા. ૧૦

દામનગર નગરપાલિકામાં કાયમી ચીફ ઓફિસર નથી. ભા.જ.પનાં લોકો શાસનમાં છે. વિકાસની મોટી–મોટી વાતો કરવામાં આવી રહી છે. કેટલાય માર્ગો પર ખાડાઓ પડી ગયા છે. શહેરીજનોની ચિંતા કરવાને બદલે માત્ર સંગઠનમાં જ રસ છે.!! કેટલાય વિસ્તારોમાં ભૂગર્ભ ગટરની કુંડીઓ ખુલ્લી છે, રસ્તાઓ તૂટી ગયા છે. અમુક માર્ગો ઉપર તો ચોમાસાના પાણીનો નિકાલ થતો નથી. જૂના બસ સ્ટેન્ડ પાસે આવેલ વાલ્મીકી વાસની નજીક ભૂગર્ભ ગટરની કુંડી ઉપર છેલ્લા થોડાક દિવસથી ઢાંકણુ નથી. ચારેક વખત બદલાવવામાં આવ્યુ પણ તૂટી જાય છે. તો પછી લોખંડનું ઢાંકણુ



મૂકી શકાય..!! આ જગ્યાએથી અસંખ્ય નાના–મોટા વાહનો પસાર થાય છે. ખુલ્લી કુંડીને કારણે ગમે ત્યારે અકમાસ્ત થવાનો ભય હોય, સત્તાધીશ આ કુંડી ઉપર તૂટે નહી એવુ ઢાંકણુ ફીટ કરે એવી માંગ ઉઠી છે.

National Programme for Control of Blindness & Visual Impairment Run dy Government of india

રમાબેન અનિલભાઈ પારેખ પરીવાર - મુંબઈના આર્થિક સહયોગથી

લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)

તથા

શ્રી નાગરદાસ ધનજી સંઘવી ટ્રસ્ટ સંચાલિત

સુદર્શન નેત્રાલય – અમરેલી

ના સંયુકત ઉપક્રમે

વિના મુલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ

: તારીખ : ૧૧-૦૭-૨૦૨૪ ગુરૂવાર

: સ્થળ : લાયન્સ હોલ, પહેલો માળ, જુના માર્કેટીંગ યાર્ડ, હોટલ લોર્ડસ ઈકો ઈનની સામે, અમરેલી.

: સમય : બપોરે ૩:૦૦ થી ૫:૦૦

:: વધુ માહિતી માટે :: નિલેશભાઈ ભીલ મો. ૯૭૧૪૨ ૨૮૨૬૬

:: પ્રોજેકટ ચેરમેન :: લા. વિનોદભાઈ આદ્રોજા | લા. જયેશભાઈ પંડયા મો. ૯૮૯૮૦૫૨૫૮૧

લા. સાહસ ઉપાધ્યાય (ખજાનચી) | લા. મનોજભાઈ કાનાણી (પ્રમુખ) | લા. ભદ્રેશસિંહ પરમાર (સેક્રેટરી)

નોંધ : બપોરે ૩ કલાકથી વહેલા તે પહેલાના ધોરણે કેસની નોંધણી કરવામાં આવશે અને તે મુજબ દર્દીને તપાસવામાં આવશે

નોંધ : દર્દીઓના ફોન નંબર તથા ચૂંટણીકાર્ડની બે ઝેરોક્ષ નકલ સાથે લાવવી ફરજીયાત છે

લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) પરિવાર

### પ–૭ વર્ષથી પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો બન્યાં ફાર્મર માસ્ટર ટ્રેનર

# ૧૨૪ ફાર્મર માસ્ટર ટ્રેનર ખેડૂતો તેમની જ આગવી ભાષામાં પ્રાકૃતિક કૃષિનાં અનુભવો અને લાભો જણાવે

## અમરેલી જિલ્લામાં આયોજનબધ્ધ રીતે આગળ વધતી પ્રાકૃતિક ખેતીની મુહિમ



અમરેલી જિલ્લામાં આયોજનબદ્ધ રીતે પ્રાકૃતિક ખેતીની મુહિમ આગળ વધી રહી છે. છેલ્લાં પ–૭ વર્ષથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો ગામડે ગામડે જઈ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિનાં સ્વાનુભવ અને લાભો ખેડૂતો વચ્ચે વહેંચી રહ્યા છે. જિલ્લામાં ૧૨૪ ફાર્મર માસ્ટર ટ્રેનર આત્મા પ્રોજેક્ટનાં સહયોગથી ગામે ગામ સ્વં અને સૃષ્ટિ માટે હિતકારી પ્રાકૃતિક કૃષિની તાલીમો યોજીને ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે પ્રેરિત કરી રહ્યા છે. આમ, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો જ અન્ય ખેડૂતોનાં પ્રેરણા સ્ત્રોત બની રહ્યા છે. આ સંદર્ભે આત્મા પ્રોજેક્ટનાં ડાયરેકટર ડી.એમ. નિનામા કહે છે કે, પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકાર દ્વારા મિશન મોડ પર પ્રયાસો થઈ રહ્યા છે, ત્યારે પ્રાકૃતિક ખેતીની આવશ્યકતા અને ફાયદાઓ દરેક ખેડૂતો સુધી પહોંચે તે માટે ખાસ પ–૭ વર્ષથી સફળતાપૂર્વક પ્રાકૃતિક ઢબે ખેતી કરતા હોય અને પ્રાકૃતિક કૃષિનાં જુદા જુદા આયામો જાણતા હોય તેવા ખેડૂતોને ફાર્મર માસ્ટર ટ્રેનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. જિલ્લામાં પ્રાકૃતિક કૃષિની મુહિમ આયોજનબદ્ધ રીતે આગળ વધે તે માટે પ–પ ગામોનાં કલસ્ટર બનાવવામાં આવ્યા છે. આ દરેક કલસ્ટર માટે ૧ ફાર્મર માસ્ટર ટ્રેનર નિમવામાં આવે છે. તેમની મદદમાં એક ટેકનિકલ માસ્ટર ટ્રેનર હોય છે, જે ખેતીવાડી કે બાગાયત વિભાગનો કર્મચારી હોય છે. તેમના દ્વારા ખેડૂતોને જયારે અનુકૂળ સમય હોય એટલે કે, સામાન્ય રીતે ખેડૂતોને સાંજનાં સમયે કે, ખેતીકામમાંથી નવરાશ રહેતી હોય તેવા સમયે પ્રાકૃતિક કૃષિ માટેની તાલીમનું આયોજન કરવામાં આવે છે. જિલ્લામાં ૧૨૪ ફાર્મર માસ્ટર ટ્રેનર અને ૧૦૩ ટેકનિકલ માસ્ટર ટ્રેનર ગામડે–ગામડેએ જઈ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિશે જરૂરી ડેમોસ્ટ્રેશન સાથે તાલીમ આપી રહ્યા છે. આ તાલીમની અસરકારકતા એટલા માટે વધી જાય છે કે, ખેડૂતો જ ખેડૂતોને પોતાની આગવી ભાષામાં પ્રાકૃતિક ખેતીનાં અનુભવો અને પ્રાપ્ત કરેલા લાભો ઉપરાંત પ્રાકૃતિક કૃષિનાં મુખ્ય આધાર સ્તંભ એવા જીવામૃત, ઘનજીવામૃત, અચ્છાદાન બીજામૃત મિશ્ર પાક પદ્ધતિ, દેશી ગાયનું મહત્વ વગેરે વિશે જાણકારી આપે છે, જેથી ખેડૂતો તેને સરળતાથી આત્મસાત કરે છે. ઉપરાંત ફાર્મર માસ્ટર ટ્રેનર માટે પણ જરૂરી તાલીમનું આયોજન કરવામાં આવે છે. જિલ્લા કલેકટર અજય દહીયા અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવા માટે જરૂરી માર્ગદર્શન આપી રહ્યા છે. આમ, જિલ્લામાં પ્રાકૃતિક કૃષિની ખૂબ સફળતાપૂર્વક આગળ વધી રહી છે. ફાર્મર માસ્ટર ટ્રેનરનાં મહેનતાણામાં પણ રાજય સરકારે વધારો કરીને પ્રતિ તાલીમ માટે રૂ.૫૦૦ની પ્રોત્સાહક રકમ આપવામાં આવી રહી છે. તેમ ડી.એમ. નિનામાએ જણાવ્યું હતું. આત્મા પ્રોજેક્ટનાં ડેપ્યુટી ડાયરેકટર દિલીપ ચાવડા અને ટીમ આત્મા જિલ્લામાં પ્રાકૃતિક કૃષિની મુહિમને તેજીથી આગળ વધારવા માટે સતત જહેમત ઉઠાવી રહી છે.

---

### : નામ મા ફેરફાર :

: નામ અલગ અલગ પરંતુ વ્યકિત એકજ :

હું અહી અંડરસાઈન કરીને જાહેર કરૂ છું કે મારૂ પહેલુ નામ (૧) **અરવિંદકુમાર કરશનભાઈ લાડુમોર** અને તેમજ મારૂ બીજુ નામ (૨) **અરવિંદભાઈ કરશનભાઈ લાડુમોર** એમ બંને નામ

પરંતુ હું ઉપર દર્શાવેલ બંને નામનો વ્યકિત હું પોતે (અરવિંદભાઈ કરશનભાઈ લાડુમોર) એક જ છું.

**મુ. મોટા રીંગણીયાળા**
**અરવિંદભાઈ કરશનભાઈ લાડુમોર**
**તાલુકો : રાજુલા, જીલ્લો : અમરેલી**

### : નામ મા ફેરફાર :

: નામ અલગ અલગ પરંતુ વ્યકિત એકજ :

હું અહી અંડરસાઈન કરીને જાહેર કરૂ છું કે મારૂ પહેલુ નામ (૧) **દક્ષાબેન અરવિંદકુમાર લાડુમોર** અને તેમજ મારૂ બીજુ નામ (૨) **દક્ષાબેન અરવિંદભાઈ લાડુમોર** એમ બંને નામ

પરંતુ હું ઉપર દર્શાવેલ બંને નામની વ્યકિત હું પોતે (દક્ષાબેન અરવિંદભાઈ લાડુમોર) એક જ છું.

**મુ. મોટા રીંગણીયાળા**
**દક્ષાબેન અરવિંદભાઈ લાડુમોર**
**તાલુકો : રાજુલા, જીલ્લો : અમરેલી**

### :: જાહેર નોટિસ ::

આથી હું નીચે સહી કરનાર શ્રી વિમલ પી. પોપટ (એડવોકેટ) અમરેલીનાં તે અમારા અસીલ **શિલ્પાબેન રમેશભાઈ પરમાર,** રહે. મેઈન બજાર, રાજુલા, તા.રાજુલા, જિ.અમરેલી વાળાની મળેલ સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપી જણાવવાનું થાય છે કે,

અમારા અસીલો કે જેઓ અમરેલી જીલ્લાના રાજુલા ગામે રહે છે. અને તેઓએ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના રાજુલા ગામે **સર્વે નં.૨૨૯ પૈકી, સીટી સર્વે નં.–૩૦૨૬/અ/૩૪** મા આવેલ **પ્લોટ નં.૩૪ પૈકી**ની જેનું કુલ **ક્ષેત્રફળ ૧૧૦–૩૦ ચો.મી.** વાળી મિલ્કતનો ઉતરોતર રજી.વેચાણ **દસ્તાવેજ નં.૧૩૧૪, તા.૦૮/૦૬/૨૦૧૧,** જે **મંગળાબેન ભરતભાઈ દેસાણી** વાળાઓએ **અર્જુનભાઈ ભીખાભાઈ ચૌહાણ તથા જયાબેન ભીખાભાઈ ચૌહાણ** પાસેથી ખરીદ કરેલ મિલ્કતનો દસ્તાવેજની અસલપ્રત હાલ અમારા અસીલ કે તેઓને મિલ્કત વેચનાર પાસે હાલ ઉપલબ્ધ ન હોય, આમ ઉપરોકત વિગતવાળી મિલ્કતનો ઉતરોતર દસ્તાવેજ અમોના અસીલ પાસેથી હાલ મળી આવેલ નથી. આ દસ્તાવેજો જો કોઈના કબ્જા હેઠળ રહેલો હોય અગર તો આ દસ્તાવજનો આધાર રાખી કોઈ ત્રાહિત ઈસમે વ્યકિત, સંસ્થા કે મંડળી અગર તો બેંકે તેના ઉપર તારણ ઉપસ્થિત કરેલ હોય અગર તો ઉપરોકત વિગતવાળી મિલ્કત પરત્વે કોઈપણ ઈસમને કંઈપણ પ્રકારનો લાગભાગ–હકક–હિત કે હિસ્સો ધરાવતા હોય અગર તો આ મિલ્કત ઉપર તારણ ઉપસ્થિત કરવા સંબંધે કોઈપણ ઈસમને વાંધો, તકરાર કે વચકો રહેલો હોય તો તેઓએ **દિન–૭** માં નીચેનાં સરનામે લેખીતમાં જણાવશો અન્યથા આ મિલ્કત સંપુર્ણ ટાઈટલ કલીયર કબજા ભોગવટા સાથેની હોવાની માની અમારા અસીલ આ મિલ્કત સંબંધેનો આગળનો વ્યવહાર કરશે અને કોઈનો વાંધો તકરાર કે હરકત રહેલ નથી તેમ માની અગર તો તેઓએ વેવ કરેલ છે તેમ માની આગળની કાર્યવાહી કરેશે જેથી આ નોટીસ પ્રસિધ્ધ થયાનાં મુદત સમય બાદ કોઈપણ ઈસમનો વાંધો, તકરાર કે હરકત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી તેની જાહેર જનતાએ નોંધ લેવી.

**વિમલ પી. પોપટ,** એડવોકેટ
**સેવાસદન થી સીવીલ હોસ્પિટલ રોડ, જીલ્લા પંચાયત ઓફીસ પાછળ, અમરેલી – ૩૬૫૬૦૧**
**મો.નં.: ૯૪૨૮૭ ૯૩૪૨૦**

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૦૦ | ૧૧૮૬ |
| ૨ | શિંગ મોટી | ૧૧૨૮ | ૧૨૧૮ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૭૧૦ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૨૪૨ | ૧૪૭૨ |
| ૫ | તલ સફેદ | ૧૯૨૧ | ૨૬૦૧ |
| ૬ | તલ કાળા | ૩૨૦૦ | ૩૩૫૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૩૭૫ | ૩૩૯૫ |
| ૮ | બાજરો | ૩૭૯ | ૪૬૫ |
| ૯ | જુવાર | ૩૩૦ | ૮૨૦ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૮૫ | ૫૮૧ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૮૬ | ૫૯૦ |
| ૧૨ | મગ | ૧૨૨૫ | ૧૫૭૮ |
| ૧૩ | ચણા | ૯૯૦ | ૧૨૯૩ |
| ૧૪ | કપાસ | ૯૫૦ | ૧૫૩૪ |
| ૧૫ | એરંડા | ૧૦૭૨ | ૧૧૨૨ |
| ૧૬ | જીરૂ | ૩૧૦૦ | ૫૧૫૫ |
| ૧૭ | રાય | ૫૭૫ | ૧૦૯૫ |
| ૧૮ | ઈસબગુલ | ૧૬૯૦ | ૨૩૦૦ |
| ૧૯ | ધાણા | ૯૯૦ | ૧૨૪૫ |
| ૨૦ | મેથી | ૭૫૦ | ૧૦૯૨ |
| ૨૧ | સોયાબીન | ૭૦૦ | ૮૪૭ |

પાના ૮ ઉપરનું ચાલું
### અમરેલીયનો બંધ સ્ટ્રીટલાઈટ

રોડ, વરસડા રોડ સહિતનાં રાજમાર્ગોથી લઈને રહેણાંક વિસ્તારમાં અંદાજિત ૭૦૦થી વધુ સ્ટ્રીટલાઈટ બંધ હાલતમાં જોવા મળી રહી છે. અમુક સ્ટ્રીટલાઈટ બાંધકામ વિભાગની ઉદાસીનતાનાં કારણે બંધ પડેલ છે.

તદુઉપરાંત શહેરમાં નિયમિત અને યોગ્ય રીતે સફાઈ કાર્ય થતું ન હોવાથી ઠેર–ઠેર ગંદકીનાં ગંજ જોવા મળી રહ્યા છે. ચોમાસાનો સમય ગંદકીનાં લીધે મચ્છરનો ઉપદ્રવ વધતા રોગચાળાનો ગંભીર ખતરો ઉભો થયો છે.

જિલ્લાકક્ષાનાં શહેરમાં કયાં દિવસે અને કયાં સમયે પીવાનું પાણી વિતરણ થશે તે ભગવાન સિવાય કોઈને ખબર નથી. કરોડો રૂપિયાનાં ખર્ચે ઓવરહેન્ડ ટેન્ક, સમ્પ, જળાશય બન્યા છતાં દરરોજ નકકી સમયે પાણી વિતરણ થઈ શકતું નથી.

તદુઉપરાંત શહેરની મોટાભાગની ફૂટપાથ ઉપર કેબિનોની હારમાળા ઉભી કરવામાં આવી હોય તેમજ બજારોમાં ઓટલા, છાપરા અને વેપારીઓ ધ્વારા તેમનો સરસામાન ટ્રાફિકને નડતરરૂપ રખાતો જોવા મળી રહ્યો છે.

તદુઉપરાંત શહેરનાં મુખ્ય માર્ગો બિસ્માર હાલતમાં જોવા મળી રહ્યા છે અને તેના ઉપર રખડતા પશુઓ અડિંગો જમાવીને બેઠા રહેતા હોય અવારનવાર અકસ્માતની ઘટના બની રહી છે.

શહેરીજનો ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષને પાલિકાની જવાબદારી સોંપી છતાં કોઈ પણ શહેરીજનોની અપેક્ષા પૂર્ણ કરી શકયો નથી. મધ્યમ કક્ષાનાં શહેરની ડઝન જેટલી સમસ્યાઓ શાસકો ધારે તો એક વર્ષમાં દૂર થઈ શકે તેમ છે. પરંતુ શાસકોમાં ઈચ્છાશકિતનો સ્પષ્ટ અભાવ જોવા મળી રહ્યો છે.

પાના ૧ ઉપરનું ચાલું
### બગસરાનાં એસ.ટી. ડેપોમાં

પસાર થવામાં પણ ભયંકર દુર્ગંધથી માથું ફાડી નાખે છે. સફાઈ કામદાર ના હોવાથી ડેપોની હાલત ખુબ કફોડી બની ગઈ છે. રોગચાળો વકરે તેવી પરિસ્થિતીનું નિર્માણ થવાં કોઈ શંકાને સ્થાન નથી. આટલા મોટા પ્રમાણમાં ગંદકી કી ખદબદી રહેલ ડેપોમાં મચ્છર અને માખીઓનો પણ ખૂબ મોટા પ્રમાણમાં ત્રાસ વધી ગયો છે. જયારે હાલમાં ચાલી રહેલ ચોમાસામાં ઠેર ઠેર ગંદકીના હિસાબે મચ્છરજન્ય રોગો પણ ફેલાવાની દેહશત સામે આવી રહેલ છે. જયારે ડેપોની ચો તરફ કચરાના ઢગ જોવા મળી રહેલ છે. આટલી ભયંકર પરિસ્થિતિમાં પણ જાણે અધિકારીઓ મૌન ધારણ કરીને બેઠા છે.

જાણવા મળતી માહિતી મુજબ હાલમાં ડેપો મેનેજર દ્વારા યુરિનલ તેમજ ડેપોની સફાઈ કરતા કર્મીને છુટા કરવામાં આવ્યા છે. કેમકે આ સફાઈ કર્મી દ્વારા યૂરીનલ જવાના રૂપિયા ઉઘરાવવાની ફરિયાદના લીધે તેમને છૂટા કરવામાં આવ્યા છે. પરંતુ આ કર્મીને છૂટા કર્યા બાદ ૧૫ દિવસ વિતી ગયા છતાં બીજા કોઈ કર્મીને મૂકવામાં ના આવતા આ ડેપોની હાલત કફોડી બની ગઈ છે. જો તત્કાલ સફાઈ કર્મીને મૂકવામાં નહિ આવે તો કદાચ આ ડેપોમાં મુસાફરોને પ્રવેશ કરવો પણ મુશ્કેલ બની જશે. જયારે એક તરફ ઉપરના માળે રહેલ યુરીનલમાં કર્મચારીઓ જતા હોય છે પરંતુ આ યુરિનલનું મળ મૂત્રવાળું પાણી પણ નીચે ટપકવાથી અતિ ભયંકર દુર્ગંધ મારતા મુસાફરોને બેસવુ પણ મુશ્કેલ બની ગયું છે. તો આ બાબતે તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારના પગલાં લેવામાં આવતા નથી જેના હિસાબે લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. જયારે લોકો દ્વારા કહેવામાં આવે છે કે જો સફાઈ તેમજ આ દુર્ગંધ યુકત પાણી ટપકવાનું બંધ નહિ થાય તો ડેપો મેનેજર વિરૂધ્ધ સ્વાગત કાર્યક્રમમાં આ પ્રશ્ન મૂકવામાં આવશે કે સફાઈના અભાવે લોકોના જીવન ઉપર બીમારીનો ખતરો મંડાય રહ્યો છે. તેની સંપૂર્ણ જવાબદારી ડેપો મેનેજરની રહશે તેવું લોકો દ્વારા કહેવામાં આવી રહેલ છે.

### અવસાન નોંધ

**અમરેલી :** ઓધ્યિચ ઝાલાવાડી બ્રાહ્મણ અશોકકુમાર વ્રજલાલ પંડયા(ઉ.વ.૭૩)નું તા.૯/૭/૨૦૨૪ને મંગળવારનાં રોજ કૈલાસવાસ થયેલ છે. તે વિશાલભાઈ તથા ગૌરવભાઈનાં પિતાશ્રી થાય છે. તેમનુ બેસણુ તા. ૧૧/૭/૨૦૨૪ને ગુરૂવારનાં રોજ બોપરનાં ૪થી ૬ વાગ્યે, સ્થળ: દતમંદિર હોલ, ચિતલરોડ, અમરેલી મુકામે રાખેલ છે. વિશાલભાઈ પંડયા મો.નં.૯૮૨૫૬૦૩૦૮૧, ગૌરવભાઈ પંડયા મો.નં.૯૬૩૭૨૪૧૯૭૪ તથા રમેશભાઈ પંડયા મો.નં.૯૪૨૬૨૩૧૩૫૩

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૧૭૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૨૧૫ |
| ૩ | શીંગદાણા | ૧૬૫૧ | ૨૦૦૦ |
| ૪ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૬૦૫ |
| ૫ | તલ કાળા | – | ૩૩૩૦ |
| ૬ | જીરૂ | ૪૮૦૦ | ૫૩૪૦ |
| ૭ | કપાસ | ૧૨૫૦ | ૧૫૦૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૧૮ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૪૦ |
| ૧૦ | બાજરો | ૩૭૫ | ૪૫૦ |
| ૧૧ | જુવાર | ૫૦૦ | ૮૧૮ |
| ૧૨ | મગ | ૧૪૦૦ | ૧૬૧૧ |
| ૧૩ | ચણા | ૧૧૦૦ | ૧૨૨૪ |
| ૧૪ | તુવેર | ૧૮૦૦ | ૧૯૩૦ |
| ૧૫ | મેથી | ૧૦૫૧ | – |
| ૧૬ | સોયાબીન | ૮૦૦ | ૯૦૧ |

**સંકુલ BA-B.Com.-BBA-BCA-B.Sc.-B.Ed. પ્રવેશ**
**MA-M.Com.-M.Sc.-MBA-MCA-ફાર્મસી-DMLT પ્રવેશ**
★ B.Sc. & M.Sc. – માઈક્રોબાયોલોજી – (બાયોટેકનોલોજી – બાયોકેમેસ્ટ્રી )
★ BA & MA – સાયકોલોજી – સોસીયોલોજી – ઈંગ્લીશ – ગુજરાતી મિડીયમ
★ B.Com & M.Com બન્ને મિડીયમ ★ BBA & MBA - BCA & MCA
★ B.Ed. – ગણિત વિજ્ઞાન – એકાઉન્ટ કોમર્સ – ઈંગ્લીશ – ગુજરાતી – સંસ્કૃત
★ PG - DMLT માં B.Sc. માઈક્રો – BC – ઝૂલોજી – કેમેસ્ટ્રી ને પ્રવેશ મળશે.
**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
Ad 054

પાના ૮ ઉપરનું ચાલું
### રાજુલાનાં પિપાવાવ ગેઈટ નજીક

ડિગ્રી વગર પોતાની કલીનીક ચલાવી દર્દીઓ પાસેથી ફી વસુલી સારવાર આપી ડોકટરની રજી.મેડીકલ પ્રેકટીશનરને લગતી ડિગ્રી ન હોવા છતાં એલોપેથીક દવાઓ તથા મેડિકલને લગત સાધન સામગ્રી નંગ–૪૦ જેની કુલ કિંમત રૂા. ૧૪,૬૬૨.૪૫ નો મુદ્દામાલ રાખી મેડિકલપ્રેકિટસ કરી, પોતાના આ કૃત્યથી માનવ જીંદગી જોખમાય તેમ હોય. તેવુ પોતે જાણતા હોવા છતાં દર્દીઓને નિદાન/સારવાર આપી માનવ જીંદગી સાથે ચેડા કરી ગુન્હો કર્યાની મેડીકલ ઓફીસર (પીએચસી બાબરકોટ) ડો. દક્ષાબેન ધીરૂભાઈ મેવાડાએ બોગસ ડોકટર સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પાના ૮ ઉપરનું ચાલું
### ખાંભા ગામે રહેતી પરિણીતા ઉપર

સવારે ૯ વાગ્યે ખાંભા–પીપળવા રોડ ઉપર આવેલ ગોકુળ આંબલીની સીમ તરીકે ઓળખાતી સર્વ નં. ૪૧૬/૨ ની જમીનમાં હોય. ત્યારે ચતુરી ગામે રહેતા દેવકુભાઈ બુધેલા તથા અન્ય ત્રણ અજાણ્યા ઈસમોએ મહિલા સામે બિભત્સ ચેનચાળા કરી એક અજાણ્યા આરોપીઓએ તેણીની આબરૂ લેવાના ઈરાદે તેણી ઉપર નિર્લજજ હુમલો કરી બળ વાપરી ધમકાવી તથા અન્ય અજાણ્યા ઈસમ આરોપીએ ભોગ બનનાર સામે કુચેષ્ટા કરી તેમજ બે અજાણ્યા આરોપીઓએ તેણીને વાળ પકડી ઢસડી મુંઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૧૦૦ | ૨૪૭૧ |
| ૨ | કપાસ | ૯૫૦ | ૯૫૦ |
| ૩ | બાજરો | ૪૭૫ | ૫૫૧ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૭૨ |
| ૫ | જુવાર | ૭૦૧ | ૮૭૦ |
| ૬ | મકાઈ | ૫૫૩ | ૫૫૩ |
| ૭ | મગ | ૧૫૪૧ | ૧૭૫૦ |
| ૮ | તુવેર | ૨૧૭૫ | ૨૧૭૫ |
| ૯ | ચણા | ૧૧૬૭ | ૧૩૨૫ |
| ૧૦ | જીરૂ | ૫૦૬૦ | ૫૦૬૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૬૦૧ | ૧૮૫૧ |
| ૧૨ | રાય | ૧૨૦૧ | ૧૨૦૧ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૨ | ચણા | ૧૧૦૦ | ૧૨૧૫ |
| ૩ | મગ | ૧૪૦૦ | ૧૫૦૦ |
| ૪ | ઘઉં લોકવન | ૫૦૯ | ૫૦૯ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૧૫ |
| ૬ | તલ સફેદ | ૨૪૨૫ | ૨૪૩૦ |
| ૭ | સોયાબીન | ૬૩૫ | ૮૨૫ |
| ૮ | અજમા | ૧૫૦૫ | ૧૫૦૫ |
| ૯ | મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| ૧૦ | તુવેર | ૧૩૦૦ | ૧૩૧૫ |
| ૧૧ | શીંગદાણા | ૧૧૯૦ | ૧૬૫૦ |
| ૧૨ | મેથી | ૮૩૫ | ૮૩૫ |
| ૧૩ | ધાણા | ૧૧૦૦ | ૧૨૦૫ |
| ૧૪ | શીંગફાડા | ૧૪૧૫ | ૧૪૧૫ |
| ૧૫ | મગફળી | ૧૧૦૦ | ૧૧૨૫ |

પાના ૧ ઉપરનું ચાલું
### આશાવર્કર અને આંગણવાડી વર્કરમાં

જાહેરાત થઈ ચુકી છે. તેવા સમયે લીલીયા મોટા ખાતે આંગણવાડી વર્કર અને આશાવર્કર તરીકે ફરજ બજાવતી મહિલાઓએ અલગ–અલગ રીતે મામલતદારને આવેદનપત્ર પાઠવેલ છે.

આશાવર્કરોએ પાઠવેલ આવેદનપત્રમાં જણાવેલ છે કે, લીલીયા મોટા મામલતદાર દેસાઈ તેમજ ટીએચઓ સિદ્ધપુરાને લેખિત આવેદનપત્ર પાઠવવામાં આવેલ. જેમાં જણાવેલ કે અમે આશા વર્કર બહેનો લીલીયા તાલુકામાં આશા વર્કર તરીકે ફરજ બજાવીએ છીએ. અમારી માંગણી છે કે અમારી ફરજનો સમય નક્કી કરવો, અમારો ફિકસ પગાર નક્કી કરવો, સગર્ભા માતાની કામગીરીમાં એ.પી.એલ. અને બી.પી.એલ. કાર્ડનો ભેદભાવ દૂર કરી થયેલ કામગીરીનું પૂરતું વેતન આપવું, ૦ થી ૫ વર્ષના બાળકનું રસીકરણ બંધ થયેલ છે તે ફરીથી વેતન શરૂ કરવું, વાડી વિસ્તારમાં સર્વે દરમિયાન જવાબદાર કર્મચારીઓને સાથે રહેવા હુકમ કરવો, માતા અને બાળકનું કોઈ કારણોસર અવસાન થાય તેની સઘળી જવાબદારી જવાબદાર કર્મચારીની જગ્યાએ આશા વર્કરો પર જવાબદારી થોપી દેવામાં આવે છે, જોખમી સગર્ભાની બે વિઝીટનું વેતન ફરી શરૂ કરવા યોગ્ય કરશો. તેવી માંગ ગુજરાત સરકારના મુખ્યમંત્રીને મામલતદાર મારફત કરવામાં આવેલ છે.

આંગણવાડી વર્કર–હેલપર બહેનો દ્વારા મામલતદારને પાઠવેલ આવેદનપત્રમાં જણાવેલ છે કે, ગુજરાતની એક લાખ આંગણવાડી વર્કર–હેલ્પર બહેનો ગુજરાત સરકારની તમામ યોજનાઓને ગ્રામ્ય સ્તર સુધી મુકવા માટે સતત કામગીરી બજાવી એ સીએ કેન્દ્ર સરકારનો આ પ્રોજેકટ છે છતાં કેન્દ્ર સરકાર ધ્વારા ૨૦૧૮ પછી કોઈજ માનદ વેતનમાં વધારો કરાયો નથી. તે પરત્વે એક લાખ આંગણવાડી બહેનોમાં ભારે રોષ છે. જેની અલગથી કેન્દ્ર સરકારને રજુઆત કરાયેલ છે. રાજયસરકાર તરફથી પણ કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા ૨૦૨૩ માં શ્રમજીવીઓના લઘુત્તમ વેતનમાં વધારો જાહેર કરેલ છે. જે રૂા. ૪૯૬ દૈનિક વેતન કરેલ છે. આંગણવાડી વર્કર– હેલ્પરને લઘુત્તમ વેતન આપવુ જોઈએ. ત્રણ માસનાં આંદોલન બાદ પણ સરકાર માંગણીઓનો ઉકેલ લાવેલ નથી. ત્રણ માસના પગાર વધારા ઉપરાંત ઉકેલી શકાય તેવી માંગણીઓ પણ રજુ કરી હતી તે પૈકી એકપણ માંગણી ઉકેલાઈ નથી. ૨૦૨૨ની ચુંટણી પૂર્વે આંદોલન બાદ થયેલ સમાધાન મુજબ વચનો આપવામાં આવેલ હતા. જેવા કે (૧) નવા ફ્રેશ સારી કવોલીટીનાં મોબાઈલ આપવા (૨) વર્કરમાંથી સુપરવાઈઝરમાં પ્રમોશનની ૪૫ વર્ષની વય મર્યાદા દુર કરવી. (૩) નિવૃતિ વય મર્યાદા ૬૦ કરવી (૪) વર્કરના વેતનનાં ૭૫% હેલ્પરને વેતન આપવા (૫) આઈ.સી.ડી.એસ. સિવાયની અન્ય વધારાની કામગીરી ન સોંપવી (૬) આંગણવાડી વર્કરોની પ્રો. ફંડ, ઈ.એસ.આઈ. તથા પેન્શન યોજનાનો લાભ આપો. (૭) આંગણવાડી વર્કરોને ભર પગારી રજા તથા માંદગીની રજામાં વધારો કરવા સહિતની રજુઆતો કરાઈ હતી જે વચનો પુરા કરાયેલ નથી. સતત રજુઆતો કરાયેલ છતાં આપના દ્વારા સંગઠન સાથે બેઠક યોજવામાં આવેલ નથી. જેથી ૧૦ જુલાઈ ૨૦૨૪ નાં રોજ રાષ્ટ્રવ્યાપી માંગ દિવસ દ્વારા તમને વિનંતિ કરીએ છીએ કે અમારી આ પડતર માંગણીનો ઉકેલ લાવવામાં આવે તથા અધિકારી તથા મંત્રી કક્ષની બેઠક યોજવામાં આવે તેવી વિનંતિ છે. ગુજરાતના તમામ જીલ્લામાં આ કાર્યક્રમ યોજી આપને રજુઆત કરીએ છીએ. તાત્કાલીક ખાસ ધ્યાન આપી ત્વરીત ઉકેલ લાવવા (૧) તમામ જીલ્લાઓમાં આંગણવાડી કેન્દ્રોનાં મકાન ભાડા, મસાલાના બીલો, ગેસના બાટલાના પૈસા, કન્ટીજન્સી, ફલેકસી ફંડ વિગેરેનાં ચુકવણા સમયસર નિયમિત કરવામાં આવતા નથી અને તે બાબતે મોટો ભ્રષ્ટાચાર ચાલે છે. તેના માટે ચોકકસ વ્યવસ્થા ફોલોઅપ મોનીટરીંગ સાથેની ગોઠવવામાં આવે (૨) સરકાર તમામ કામ ડીઝીટલ કરાવે છે પરંતુ સરકારે આપેલ મોબાઈલ બંધ છે. બહેનો સરકારની આબરૂ બચાવવા પોતાના અંગત મોબાઈલથી કામ કરતી હોવા છતાં મોટા ભાગનાં જીલ્લાઓમાં મોબાઈલ ઈન્સેન્ટીવના બીલો ચુકવવામાં આવ્યા નથી. અમદાવાદ, નવસારીનાં વર્કરોને ચુકવણા થયા પરંતુ હેલ્પરોને ચુકવાણા નથી. બીજા જીલ્લાઓમાં બીલકુલ ચુકવણું થયેલ નથી. ગ્રાન્ટ નથી તેમ જણાવવામાં આવે છે. (૩) દાહોદ જીલ્લામાં પોષણ સુધાનાં બીલો ચુકવાતા નથી. ઓડીટના નામે ધમકાવીને બેફામ લુંટ ચલાવી વર્કર પાસે પૈસા લેવામાં આવે છે. (૪) સુપ્રીમ કોર્ટનો હુકમ અને જીલ્લાઓમાં લેબર કોર્ટનો હુકમ થયેલ ગ્રેચ્યુઈટીનાં કેસોમાં ગ્રેચ્યુઈટીની રકમ ચુકવવામાં આવી નથી. (૫) બાળકોના પોષણક્ષમ આહાર માટે ખરીદવામાં આવતા મસાલા, ગોળ, શાકભાજી, ચણા, દાળ વિગેરેનાં જુના ભાવ પોસાતા ન હોઈ બજાર ભાવ પ્રમાણે બીલ ચુકવણા કરવામાં આવે. (૬) દિવાળી બોનસ આપવામાં આવે. (૭) વર્ષ ૨૦૨૨ નાં સમાધાન સમયે વચન અપાયેલ હતું તે રોજીંદી કામગીરી માટે સારી કવોલીટીનાં તથા ટોચની કંપનીનાં નવા મોબાઈલ અથવા તેથી રકમ વર્કરના ખાતામાં જમા કરાવવામાં આવે. (૮) યુનિફોર્મ અપાયા પરંતુ બ્લાઉઝની સિલાઈ હજુ સુધી આપવામાં આવેલ નથી તે રૂા. ૭૫ અપાતા હતા તેમાં વધારો કરી રૂા. ૩૦૦ મુજબ ચાર યુનિફોર્મનાં સિલાઈનાં રૂા. ૧૨૦૦ લેખે આપવામાં આવે. ઉપરોકત અમારી માંગણીઓ ઉપર તાત્કાલીક ધ્યાન આપી વહેલી તકે ઉકેલ લાવવા મામલતદાર લીલીયાને આવેદનપત્ર પાઠવેલ છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદી માં જણાવેલ છે.

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૯૯ | ૧૧૩૫ |
| ૨ | ઘઉં | ૪૫૦ | ૫૪૫ |
| ૩ | ચણા | ૧૧૧૦ | ૧૨૫૦ |
| ૪ | તલ | ૨૪૩૫ | ૨૪૩૫ |
| ૫ | શીંગ દાણા | ૧૩૯૫ | ૧૪૦૦ |
| ૬ | શીંગ ફાડા | ૧૩૭૫ | ૧૩૭૫ |
| ૭ | બાજરો | ૩૬૯ | ૪૫૭ |
| ૮ | સોયાબીન | ૭૫૦ | ૮૫૦ |

## ધોળકીયા ફાઉન્ડેશન અને રાજય સરકારનાં પ્રયાસોથી

# લાઠી-લીલીયામાં જળ ક્રાંતિ, ગાગડીયો નદી પરનાં ચેકડેમો છલોછલ

**જળસંશય કાર્યો થકી સમગ્ર પંથકમાં હરિયાળી ક્રાંતિ આવી**

**જળસ્તર સુધરતા સમગ્ર વિસ્તારનાં પાણીજન્ય, ફલોરાઈડથી થતાં રોગો અટકશે**

**લાઠી-લીલીયા વિસ્તારમાં થયેલ જળક્રાંતિની નોંધ દેશભરમાં લેવાશે તે નક્કી**

**જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ જળક્રાંતિ માટે અભિયાન શરૂ થાય તો બેડો પાર**

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લા લાઠી-લીલીયા વિસ્તારમાંથી પસાર થતી ગાગડીયો નદી પર ધોળકીયા ફાઉન્ડેશનના પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયા અને રાજય સરકારનાં સંયુકત ઉપક્રમે જળક્રાંતિને જબરદસ્ત કામગીરી આ વિસ્તારમાં કરવામાં આવી છે.

ગતરાત્રીનાં સમયે હરસુરપુર દેવલીયા-કેરીયા, લાઠી સહિતનાં વિસ્તારમાં ધોધમાર ૪ ઈંચ જેટલો વરસાદ પડી જતા ગાગડીયા નદીમાં ઘોડાપુર આવતા ગાગડીયા નદી પર બનાવવામાં આવેલ તમામ ચેકડેમ-બંધારાઓ ઓવરફલો થઈ જતા સમગ્ર પંથકમાં આનંદની હેલી જોવા મળી હતી.

હરસુરપુર દેવળીયાથી લીલીયા તાલુકાના બોડીયા સુધી તૈયાર કરવામાં આવેલ ચેકડેમો અને બંધારામાં





કરોડો લીટર પાણી ચોમાસાનાં પ્રથમ રાઉન્ડમાં પડેલ વરસાદથી સંગ્રહ થયો છે. આનાથી આ વિસ્તારનાં ૧૦૦ જેટલા ગામડાઓનાં જળસ્તરમાં ફાયદો થશે. જળક્રાંતિનું સર્જન થશે. આ વિસ્તારમાં પાછલા સાત વર્ષથી થઈ રહેલ જળ સંચય કામગીરીથી જમીનનાં જળસ્તર ઉચ્ચા આવી ગયા છે.

પદ્મશ્રી સવજીભાઈ ધોળકીયા અને રાજય સરકારના સંયુકત ઉપક્રમે આ વર્ષે ભેંસાણ અને બોડીયા નજીક સાડા પાંચ કરોડનાં ખર્ચે બે ચેકડેમનું નિર્માણ કરી ખારાપાટનો ઈતિહાસ બદલી નાખ્યો છે.

# અમરેલીનાં ભાવીકોએ અમરનાથ મહાદેવનાં ચરણોમાં શીશ ઝુકાવ્યું

અમરેલી, તા. ૧૦

દર વષની માફક આ વર્ષે પણ લાખોની સંખ્યામાં શિવભકતો પવિત્ર અમરનાથજીની યાત્રાએ દશનાથ જઈ રહ્યા છે. ત્યારે અમરેલીનાં પત્રકાર અરૂણ ભટ્ટે પણ આ યાત્રામાં જોડાઈ ભોલેનાથ અમરનાથ મહાદેવનાં ચરણોમાં શીશ ઝુકાવી આશીર્વાદ પ્રાપ્ત કયા છે.

યાત્રામાં તેમની સાથે રાજેશભાઈ વ્યાસ (મહાવીર ઈલે.-જેટકો-ચિતલ), જયશ્રીબેન વ્યાસ, રણજીતભાઈ ડેર (મીરા પાન), રેખાબેન ડેર, શરદભાઈ જોગી, શ્રી ગોવિંદા રેસ્ટોરન્ટ, સોનલબેન જોગી, હસમુખભાઈ કાકડીયા, શિલ્પાબેન કાકડીયા (સુરત) વિગેરેએ



પહેલગામ ચંદનવાડીથી બાલતાલ સુધીની યાત્રા પૂર્ણ કરી ભોળાનાથનાં દર્શન કરી આશીષ મેળવી પુણ્યનું ભાથું બાંધી ભાગ્યશાળી થયા હતા અત્રે ઉલ્લેખનીય છે કે પત્રકાર અરૂણ ભટ્ટ પોતાની સંઘર્ષમય જીવનયાત્રામાં ૧૧ જયોતિર્લિંગ અને બે વખત પશુપતિનાથ મહાદેવ નેપાળ ચરણોમાં શીશ નમાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરી ચુકયા છે.

# અમરેલી : શાંતાબા જનરલ હોસ્પિટલમાં ગાયનેક વિભાગના ડો. રિધ્ધીબેન મહેતા દ્વારા ગર્ભાશયની ગાંઠની સફળ સર્જરી

અમરેલી, તા. ૧૦

અમરેલી જીલ્લાના ઈશ્વરીયા ગામના ૪૫ વર્ષીય દર્દી મીનષાબેન વજુભાઈ વામજા શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે પેટમાં અસહ્ય દુ:ખાવો થતા ગાયનેક વિભાગમાં બતાવવા આવેલ હતા. જેની તપાસ કરી ડોકટરે સોનોગ્રાફીની સલાહ આપતા સોનોગ્રાફી તપાસમાં મનીષાબેનને ૧૮×૧૫ સી.એમ. ની ગર્ભાશયની ગાંઠો હોવાનું જણાતા ડો. રિધ્ધીબેન મહેતા દ્વારા યોગ્ય માર્ગદર્શન પુરૂ પાડતા તેઓ ઓપરેશન માટે દાખલ થયેલા હતા. હોસ્પિટલ ગાયનેક વિભાગના ડો. રિધ્ધીબેન મહેતા તથા ડો. સંજય સોલંકી અને એનેસ્થટીક ડો. રવી પરમાર તથા તેમની ટીમ દ્વારા તેમનું સફળ ઓપરેશન કરીને - ૨ કિલોની ગર્ભાશયની ગાંઠ દુર કરવામાં આવેલ અને જરૂરી સારવાર બાદ સંપૂર્ણ સ્વસ્થ થત તેમની હોસ્પિટલમાં થી રજા



કરવામાં આવેલ હતી.

દર્દી તથા તેમના પરિવારજ નોએ શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે વિનામૂલ્યે મળેલ ઉતમ સારવાર બદલ ગજેરા ટ્રસ્ટના ચેરમેન વસંતભાઈ ગજેરા તથા ડો. રિધ્ધીબેન મહેતા તથા સ્ટાફનો આભાર વ્યકત કર્યો હતો.

# સાવરકુંડલામાં ગરીબ પરિવારોને ૫૦૦ તાલપત્રીનું વિતરણ



સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલાના સબકા માલિક એક માનવસેવા ટ્રસ્ટ દ્વારા હાલ ચોમાસાના દિવસોમાં ગરીબ પરિવારોને મદદ કરવાના હેતુથી એક સરાહનીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચોમાસા દરમિયાન, ઘણા ગરીબ પરિવારો કાચા મકાનોમાં રહેતા હોય છે આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ટ્રસ્ટ દ્વારા આ તાલપત્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું જેથી ગરીબ પરિવારો ચોમાસા દરમિયાન સુરક્ષિત રીતે રહી શકે. આ કાર્યક્રમમાં સંતો, મહંતો, મુજાવરો અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તેમના વરદ હસ્તે ગરીબ પરિવારોને તાલપત્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, ટ્રસ્ટ દ્વારા ગરીબ પરિવારોને શાહી ભોજન પણ કરાવવામાં આવ્યું હતું. તાલપત્રીના દાતા, વહાબભાઈ આમદાણી અને ભોજન દાતા સુરેશભાઈ પાનસુરીયા, આ બંને દાતાઓનો પરોપકારી કાર્યો સમાજમાં ખુબ પ્રશંસા પામી રહ્યા છે આવા ઉદાર દાતાઓ સમાજ માટે પ્રેરણા સ્ત્રોત બની રહે છે અને જરૂરિયાતમંદોને મદદ કરીને સમાજને વધુ સાઢં બનાવવામાં મદદ મળી રહી છે આ પ્રસંગે, ટ્રસ્ટના પ્રમુખ સબીરભાઈ મલેક (પીન્ટુભાઈ) અને ઉપપ્રમુખ ઈરફાનભાઈ ગોરીએ ગરીબ પરિવારોને મદદ કરવા માટે આગળ આવેલા દાતાઓનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ટ્રસ્ટ આગામી સમયમાં પણ ગરીબો અને જરૂરિયાતમંદોને મદદ કરવા માટે પ્રતિબદ્ધ છે.

આ કાર્યક્રમ ગરીબ પરિવારો માટે ખૂબ જ મદદગાર સાબિત થયો અને તેમના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવામાં મદદ કરશે.

''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## ૩૩ દર્દીઓને ફેકોમશીન દ્વારા વિનામૂલ્યે ઓપરેશન કરાયા

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો

**૧૪૯ દર્દીઓએ નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, તથા સર્વરોગ સારવાર કેમ્પનો લાભ લીધો**

ચલાલા, તા. ૧૦

ચલાલા - અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા તાજેતરમાં ૨૬૮ મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાયો હતો. જેમાં રણછોડદાસજી ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, નિયામક આયુષ - ગાંધીનગ ૨ તથા આયુર્વેદ શાખા જીલ્લા પંચાયત અમરેલી, તથા સરકારી આયુર્વેદ શાખા જીલ્લા પંચાયત અમરેલી, તથા સરકારી આયુર્વેદ દવાખાનું - સરસીયા તથા સરકારી હોમીયોપેથી દવાખાનું-જાળિયાના સંયુકત ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી.

આ કેમ્પનો શુભારંભ મંગલ દિપપ્રાગટયથી થયો હતો આ પ્રસંગે સંસ્થાના વડા ડો. રતિદાદા, લાલજીદાદા, મંજુબા, રસીલાબા તથા ડોકટરઓ દ્વારા દિપ પ્રગટય કરવામાં આવ્યું હતું.

ડો. રતિદાદા તથા લાલજી દાદાએ બધાને સારૂ થઈ જાય પછી બીજાનું ભલું કરવું તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી. સાથે વ્યસન મુકત રહેવું, સત્યનું પાલન કરવું અને બધા સાથે હળી-મળીને રહેવું.



ડો. રાજસિંહ, ડો. મીરા સરોજબા, મહેન્દ્રસિંહ આરોન, રૈવા અને જાડેજા પરિવાર રાજસિંહના ૪૦માં જન્મદિવસ નિમિતે આર્થીક સહયોગથી આ નેત્રયજ્ઞમાં આંખના દર્દીઓની ચકાસણી કરવામાં આવી હતી. જે પૈકી પૈકી ૩૩ દર્દીઓને રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. દંતયજ્ઞમાં ડો. અવનીબેન દ્વારા અનેક દર્દીઓને દાંત કાઢી ચાંદી પણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી.

આયુર્વેદિક કેમ્પમાં ડો. આરતીબેન તથા ડો. પ્રકાશભાઈએ બધા દર્દીઓને તપાસ કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી.

દીકરીઓ માટે હરિબા મહિલા આર્ટસ, કોમર્સ, બી.સી.એ. અને સ્પોર્ટસ કોલેજ ચાલુ છે જેનું પ્રવેશ કાર્ય શરૂ છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ, સેવા અને જાહેર સુખાકારી ક્ષેત્રે એવોર્ડ વિજેતા મંજુબા તથા શીતલબેન વગેરે ખૂબ જહેમત ઉઠાવી હતી.

# અમરેલી ખાતે કલેરિટી ફિનવેસ્ટ અને HDFCનાં સહયોગથી મહિલા સેમિનાર યોજાયો







અમરેલી શહેરમાં સૌ પ્રથમવાર કલેરિટી ફિનવેસ્ટ અને એચડીએફસી મ્યુચ્યલ ફંડ દ્વારા લેડીઝ માટે સ્પેશ્યલ સેમિનારનુ આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં ઘરમની લક્ષ્મીઓને નાણાકીય રોકાણ કયા કયારે અને કેવી રીતે કરવુ એના વિશે સમજાવવામાં આવ્યુ હતુ. આ સેમિનારમાં ૨૧૦ કરતા પણ વધારે સ્ત્રીઓએ ભાગ લીધો હતો અને મ્યુચ્યુઅલ ફંડ વિશે જાણ્યુ હતુ. મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવાના ફાયદા અને એસઆઈપીના ફાયદા વિશે જણાવવામાં આવ્યુ હતુ. જેમાં ૨૦ વર્ષના અનુભવી એવા પાર્થભાઈ પાઠક ખાસ અમદાવાદથી સ્પીકર તરીકે આવેલ હતા. જેમાં અમરેલીનાં લેડીઝ કલબ તેજસ્વીની, ઈનર વીલ કલબ ઓફ અમરેલી ગીરનાં સભ્યોએ પણ ભાગ લીધો હતો. આ માહિતી કલેરિટી ફીનવેસ્ટના માલિક શૈલેષભાઈ કોટેચા તેમજ ચિત્ત કોટેચા દ્વારા જણાવવામાં આવ્યુ હતુ.

# જિલ્લા કક્ષાનાં શહેરમાં દરરોજ પાણી વિતરણ પણ થઈ શકતું નથી

# અમરેલિયનો બંધ સ્ટ્રીટલાઈટ, બેફામ ગંદકી અને બિસ્માર માર્ગોથી પરેશાન

**શહેરની જનતાએ ભાજપ-કોંગ્રેસને અવારનવાર પાલિકાનની સત્તાનું સુકાન સોંપ્યુ પણ પરિણામ શુન્ય**

**ચૂંટણીનાં દિવસોમાં શહેરીજનોને હથેળીમાં ચાંદ બતાવવામાં આવે અને બાદમાં ધોળે દિ'એ તારા દેખાડી દે**

**પાલિકાનાં બાંધકામ વિભાગની બેદરકારીનાં કારણે શહેરનાં મુખ્ય માર્ગો પરની સ્ટ્રીટલાઈટ બંધ**

**મધ્યમકક્ષાનાં શહેરની સમસ્યા શાસકો ધારે તો એક વર્ષમાં દૂર થઈ શકે તેમ છે**



અમરેલી, તા. ૧૦

રાજયને ડો. જીવરાજ મહેતાનાં રૂપમાં સૌપ્રથમ મુખ્યમંત્રીની ભેટ આપનાર એક સમયનાં અમરવલ્લી અને આજનાં અમરેલી શહેરની દોઢ લાખની જનતા બંધ સ્ટ્રીટલાઈટ, બેફામ ગંદકી, રખડતા પશુઓ, બિસ્માર માર્ગો, આડેધડ ટ્રાફિક, અનિયમિત પાણી સહિતની એક ડઝન જેટલી સમસ્યાઓથી ઘેરાયેલ હોય પાલિકાનાં શાસકોમાં ઈચ્છા શકિત અને પેશનનો અભાવ હોવાથી સમસ્યા ઘટવાને બદલે વધી રહી છે.

અમરેલી શહેરનાં ચિતલ

**અનુસંધાન પાના ૬ ઉપર**

## અમરેલી જિલ્લામાં ઉઘાડપગા તબીબોનો રાફડો ફાટયો

## રાજુલાનાં પિપાવાવ ગેઈટ નજીક પ્રેકટિસ કરતાં ઉઘાડપગા તબીબ વિરૂઘ્ઘ ગુન્હો નોંધાયો

**બાબરકોટનાં મેડિકલ અધિકારીએ ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૧૦

મુળ વેસ્ટ બંગાલના વતની અને હાલ રાજુલા તાલુકાના પિપાવાવ ગેઈટ નં.–૧ પાસે રહેતા બીશવોજીત સુધીર ગાઈન નામનાં ઈસમે શિયાળબેટ ગામે પોતાની પાસે કોઈપણ સરકાર માન્ય એલોપેથીક સારવાર કરવા માટેની

**અનુસંધાન પાના ૬ ઉપર**

## જાનથી મારી નાખવાની ધમકી આપી ચલાલાની સીમમાં સગીરા સાથે અર્જુન મુનિયા નામનાં ઈસમે કર્યુ દુષ્કર્મ

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૧૦

મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ ચલાલા ગામની સીમમાં રહેતી એક મહિલાની સગીર વયની નાની બહેન ઉંમર ૧૭ વર્ષ ૬ માસ ૯ દિવસને આરોપી અર્જુન મુનીયા આજથી ચારેક માસ પહેલા વાડીએ આવેલ મકાનના ધાબા ઉપર સગીરાની મરજી વિરૂઘ્ધ અવાર નવાર બળજબરી કરી જાનથી મારી નાખવાની ધમકી આપી દુષ્કર્મ કરીને ચારેક માસનો ગર્ભ રાખી દીધાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

## આબરૂ લેવાનાં ઈરાદે નિર્લજ રીતે ખાંભા ગામે રહેતી પરિણીતા ઉપર ૪ ઈસમોએ હુમલો કરી ધમકી આપી


**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૧૦

ખાંભા ગામે રહેતી એક ૩૨ વર્ષિય પરિણીતા ગત તા. ૫ ના રોજ

**અનુસંધાન પાના ૬ ઉપર**

## લ્યો બોલો : કડિયા નાકાએ વિચિત્ર બોર્ડ



અમરેલીનાં નાગનાથ મંદિર સામે વિશ્વકર્મા ભવન નામનું મકાન પાલિકાએ શ્રમિકો માટે બનાવેલ છે. તાજેતરમાં તે ભવનની ગ્રીલ ઉપર લાગેલ બોર્ડમાં ''કડિયા નાકાની અંદર દારૂ પીધેલાને આવવાની મનાઈ છે. જે આવશે તેની સામે ફોજદારી ગુન્હો બનશે.'' તેવું લખાણ જોવા મળતા આશ્ચર્ય ફેલાયું છે.


Sheetal

We are HIRING!



REPORTING MANAGER
Number of position : 01
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli

SALES & MARKETING OFFICER
Number of position : 01
Segment : Ice Cream
Experience : 1 to 2 Years
Location : Amreli

Ready to take your sales career to new heights?
PLEASE SEND YOUR CV
+91 95109 59957
hr@scplco.com



LG Life's Good.

MONSOON BONANZA

Get LG's world class products with attractive rainy offers




ENJOY MONSOON OFFER

0%* DOWN PAYMENT | UP TO 10%* CASHBACK

LG BEST SHOP મુકુન્દરાય એન્ડ બ્રધર્સ
કાર કેર સેન્ટરની સામે, ચકકરગઢ રોડ,અમરેલી મો.૯૪૦૮૧ ૫૯૬૦૬/૯૯૭૪૭ ૭૨૩૭૭



Krishna DINING HALL



ક્રિષ્ના ડાઈનીંગ હોલ

અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...

ફુલ ગુજરાતી થાળી

પાર્સલ સુવિધા ઉપલબ્ધ

સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ

અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.

પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧

: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨



હવે આપની ગોળ હોસ્પિટલ અમરેલીમાં....



ડૉ. રાજેન્દ્ર ત્રિવેદીનો ૩૯ વર્ષોનો ન્યુરો સ્પાઇન ક્ષેત્રે અનુભવ તથા ડૉ. પુનિત ત્રિવેદીના આધુનિક મેડિકલ સાયન્સનો ડબલ જનરેશન એડવાન્ટેજ

ડૉ.પુનિત ત્રિવેદી
MS DNB (Neurosurgery)
ફેલો ઈન એપિલેપ્સી, બ્રેઈન એન્ડોસ્કોપી એન્ડ સ્કલ બેઇઝ સર્જરી, મગજ, મણકા અને કરોડરજ્જુના નિષ્ણાંત સર્જન

- માથાની ઇજા
- બ્રેઈન હેમરેજ
- ટ્રાઈજેમીનલ ન્યુરાલ્જીયા
- પક્ષઘાત (સ્ટ્રોક)
- એપિલેપ્સીની સારવાર તથા સર્જરી
- મગજ કે કરોડરજ્જુની ગાંઠ
- પિચ્યુટરીની ગાંઠ
- માથાનો દુ:ખાવો (માઇગ્રેન)
- મગજમાં પાણીનો ભરાવો (હાઇડ્રોસેફેલસ)
- મગજની નસમાં મોરલી (એન્યુરીઝમ)
- મણકા અને કરોડરજ્જુની નસની તકલીફો

તારીખ : ૧૨/૦૭/૨૦૨૪ (શુક્રવાર)

એપોઈન્ટમેન્ટ માટે : ૯૯૭૮૮૬૬૬૨૯
સમય : સવારે ૧૦:૩૦ થી બપોરે ૧૨:૩૦ સુધી.
સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ) ચિત્તલ રોડ, અમરેલી

તપાસ ફી ૬૦૦/-

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust Amreli



દર ગુરૂવારે સાંજે માણો
કેન્ડલ લાઈટ ડીનર

Avadh
Family Restaurant & Banquet Hall



100% VEG.
Near Ram Enterprise, Market Yard Road, Amreli 82385 66066


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)